# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૪ |
| જાળવી રાખી સાખ | પરમાર્થી | ૧૩ |
| સ્વર્ગારોહણમાં સુખાનંદ | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૧૪ |
| શ્રી સર્વેશ્વરી સ્મરણ સુખદાતા | નિર્ભયરામ વૈષ્ણવ | ૨૨ |
| મુંડક ઉપનિષદ્ | મહાત્મા યોગેશ્વરજી | ૨૩ |
| બંધન અને મુક્તિ | કલ્પેશ ડી. સોની | ૨૮ |
| પહેલાં સમજીએ પછી સમજાવીએ | મહાત્મા યોગેશ્વરજી | ૩૧ |
| પ્રેરક પ્રસંગો | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૩૩ |
| સાધકના જીવનમાં આત્મચૈતન્યનો ઉદય | યશસ્વીભાઈ મહેતા | ૩૬ |
| શ્રી સદ્‌ગુરુની કૃપાવર્ષા | પ્રવીણભાઈ શર્મા | ૪૧ |
| બે યોગીઓની અણધારી મુલાકાત | યોગેશ્વરજી | ૪૮ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# ❁ અભિનંદનીય સહાય ❁

હે યોગેશ્વર ગંગ પાવન વહો મારા હૃદે સર્વદા,
ગાઉં નિત્ય ગુણાનુવાદ, ગુરુ હે સ્વીકારજો વંદના.

★ ★ ★

પરમાર્થી તાપે શ્રમિત, આવ્યો તારે દ્વાર,
શીતળ છાંયે માવડી, પાજે અમૃતધાર.

-પરમાર્થી

**કપૂરાના ભક્તપુરુષ જેમને પૂ. શ્રી યોગેશ્વરજીએ જ્ઞાનીભક્ત પરમાર્થી કહ્યા, શ્રી કબીરસાહિત્યની પરબડીસમા, કવિ, સમાજસેવક તરીકે અને સાચા સાધક તરીકે જીવન દીપાવ્યું. તે શ્રી ઈશ્વરભાઈ પરમાર્થીની પાવનસ્મૃતિમાં**

**શ્રી મણિબેન પરમાર્થી**

**જયંત-મધુ-સારંગ-ગોપી પરમાર્થી**

**પંકજ-દક્ષા-ચિન્મય-ભક્તિ-અચ્યુત પરમાર્થી**

**બ્રાઉન્સવીલ-ટેક્ષાસ-યુ.એસ.એ.**

**(કપૂરા)**

**આ....માસનો અધ્યાત્મનો રસથાળ પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના શ્રી ચરણોમાં અર્પણ કરે છે.**

★ ★ ★

**હે પરમાર્થી પરિવાર, પ્રભુના આશીર્વાદ સાથે ધર્મે-સત્કર્મે ઘસાઈને ઉજળા થઈ સૌને દીપાવતા રહો.**

**-મા સર્વેશ્વરી**



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**-મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૪ મે-૨૦૦૩ અંક : ૮

# દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ

**મા સર્વેશ્વરી**

**તા. ૧૭–૧૧–૮૨, બુધવાર, કારતક સુદ બીજ, ૨૦૩૯**

**મુંબઈથી મોરીશીયસ થઈ ડરબન.**

હવે આજે દક્ષિણ આફ્રિકા માટે જરૂર નીકળવાનું છે. જરૂર. જરૂર. દક્ષિણ આફ્રિકા પહોંચીશું આજે આપણે. ઘણો સારો પ્રવાસ રહેશે એ. ત્યાંનો નિવાસ તથા કાર્યક્રમ ખૂબ ખૂબ સારો સુખદ રહેશે. પાછા આવીશું ભારતમાં દક્ષિણ આફ્રિકાથી. આ વખતે થોડીક મુશ્કેલી પડી છતાં બધી રીતે અહીં સારુ રહ્યું રહેવાનું. હવે આજે જરૂર આપણે નીકળીશું વિમાનમાં દક્ષિણ આફ્રિકા માટે.

**—યોગેશ્વરજી**

સવારે ૯-૧૫ ૧૭-૧૧-૧૯૮૨, બુધવાર

હરિઃ ૐ

આજે સવારે પૂ. શ્રીએ હંમેશ મુજબ યાત્રા માટે પરમશક્તિની આજ્ઞા જાણી લીધી. પરમશક્તિએ ઉપર મુજબનો આદેશ આપ્યો સવારે નવ ને પંદર મિનિટે.

અને સાચે જ વિદેશની ધરતી ઉપર દૂર દૂર જવા માટે ૧૧.૧૫ મિનિટે એરપોર્ટ ઉપર આવી ગયા.

તા. ૧૪નું હવાઈ જહાજ રદ થયું હતું. આજે બુધવાર. એઆઈ ૭૪૫ના હવાઈ જહાજમાં ૨૪એ, ૨૪બીની સીટ ઉપર બેસવાનું બન્યું. એરપોર્ટના અંદરના ભાગમાં શ્રી જીતુભાઈ, શ્રી જે. વી. શાહ, હિંમતભાઈ ભરત, શ્રી. મધુસૂદનભાઈનાં પરિવારે વિદાય આપી. કુ. શાંતાબેન જેઓ અહીંના કાર્યકર્તા છે, તેઓએ હવાઈ જહાજના અંદર પ્રવેશવાના પ્રવેશદ્વાર સુધી આવીને વિશેષરૂપે વિદાય આપી.

એક જ વરસમાં બે વાર હવાઈ જહાજમાં બેસવાનું બન્યું. ૨૦મી જાન્યુઆરી, ૧૯૮૨એ મુંબઈ આવવાનું અમેરીકાથી બન્યું હતું. આજે ૧૭ નવેમ્બર ૧૯૮૨એ ફરીથી વિદેશ યાત્રા શરૂ થઈ.

પૂ. શ્રીએ આજે પણ સૌ ઉપર, સાલમુબારક કહી, સુખી થાઓ એવા આશિર્વાદની વર્ષા ચાલુ જ રાખી.

સતત છ કલાકની યાત્રા પછી મોરીશીયસના એરપોર્ટ ઉપર ઊતર્યા ત્યારે ભારતની ઘડીયાળમાં આઠ વાગ્યા હતા. મોરીસીયસની ઘડીયાળમાં સાત વાગ્યા હતા.

નાનકડું એરપોર્ટ. ૭૪૫ નું જ પ્લેન ફક્ત ઊભું હતું.



જરૂરી વિધિ, તરત જ ટેબલ ઉપર ચાલુ થઇ. દશ મિનિટમાં એ કાર્ય પૂર્ણ થયું.

ત્યાં તો ડરબનમાં જ વરસોથી રહેતા એક પ્રેમાળ ભાઇ મળી ગયા. તેમણે ખૂબ પ્રેમથી વાતો કરી.

નવ વાગ્યા ભારતની ઘડિયાળમાં ત્યારે એ જ પ્લેન ફરી ઊડ્યું. જેમાં ૧૭ ડી, એફ સીટ ઉપર બેઠાં. પૂ. શ્રીએ જીતુભાઇ વડોદરા હવે પહોંચી ગયા હશે એમ કહી એમનું સુખદ સ્મરણ કર્યું.

અહીંથી લગભગ ચાર કલાકની યાત્રા હજી બાકી છે.

પરમશક્તિના આદેશ મુજબ સાચે જ આજે ડરબન પહોંચી જવાનું બનશે.

મોરીશીયસના એરપોર્ટ ઉપર થોડા વરસાદના છાંટાનો અનુભવ થયો.

ડરબન એરપોર્ટ ઉપર ભારતીય સમય પ્રમાણે રાત્રે એક વાગ્યે ઊતર્યાં. ત્યારે ડરબનમાં રાતના સાડા નવ થયા હતા.

વીસાનું કાર્ય પંદર મિનિટમાં પૂર્ણ થયું. ત્યાં તો અહીંના મુખ્ય યજમાન શ્રી શાંતિભાઇ અંદર આવી ગયા. કસ્ટમમાં બધાંના સામાનનું ચેકિંગ થતું હતું. ત્યાંના અધિકારીઓને પૂ. શ્રીનો પરિચય આપ્યો, જેથી સામાનનું ખાસ ચેકિંગ ન થયું.

બહાર નીકળ્યાં ત્યાં તો દશબાર ભાઇઓ અને પાંચસાત બહેનો સ્વાગત માટે ઊભાં હતાં.

સંસ્થાના પ્રમુખે પૂ. શ્રીને ફૂલોનો સુંદર હાર અર્પણ કર્યો. એક બહેને મા સર્વેશ્વરીને ફૂલોનો સુંદર મોટો ગુચ્છો અર્પણ કર્યો.

સંસ્થાના પ્રમુખે સ્વાગત કરતાં કહ્યું : અમારા આમંત્રણને

માન આપી આપ બન્ને અહીં પધાર્યાં છો. આપનો પ્રવાસ સફળ થાઓ. આપના આગમનથી અમને સૌને ખૂબ આનંદ થાય છે.

પૂ. શ્રીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, અહીં ત્રણ માસ દરમ્યાન સુંદર કાર્યક્રમ બનાવજો જેથી જનતાને વધુ ને વધુ લાભ મળે. તમારા સૌનો પ્રેમભાવ જોઇ આનંદ થાય છે.

નવું વરસ સૌને માટે સુખકારક બનો. ૐ શાંતિઃ શાતિઃ શાંતિઃ.

નાનકડો વાર્તાલાપ એરપોર્ટ ઉપર ઔપચારિક વિધિ રૂપે થયો.

જેમની ગાડીમાં બેસવાનું બન્યું તેમને ત્યાં અમારો ઉતારો હતો. તે શ્રી. છોટુભાઇ નાયક. પતિપત્ની પ્રેમાળ મિલનસાર જણાયાં.

ઉતારો ત્રીજે માળ હતો. ઓટલા ઉપર સાથિયો અને સ્વસ્તિક જોવા મળ્યા.

અંદર પ્રવેશ્યાં તો બેઠકખંડમાં ચારે તરફ પ્રભુનાં વિવિધ સ્વરૂપોની તસવીરો જોવા મળી. ટેબલ ઉપર નાનકડું મંદિર હતું, જેમાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ જોવા મળી.

બેઠકખંડમાં એકાદ કલાક બેઠાં. કારણ, એરપોર્ટ ઉપર જે ભાઇબહેનો સ્વાગત માટે આવ્યાં હતાં તે બધાં જ અહીં પણ આવ્યાં હતાં.

પૂ. શ્રીએ પોતાના વિશેષ નિયમની, પોતે કથાકાર નહીં પણ મહાત્મા છે અને પ્રવચન કરે છે એ અંગેની સ્પષ્ટ સમજ આપી.

ત્યાં તો ડરબનની ઘડિયાળમાં સાડા બાર વાગવાની તૈયારી



હતી. ભારતમાં સવારના ચાર વાગી ગયા હતા. સૌએ નમસ્કાર કરી વિદાય લીધી.

પૂ. શ્રીએ દૂધ લીધું. પછી આરામ કર્યો. મુંબઇથી બેઠા ત્યારથી સો માળાનો નિયમ પૂરો કર્યો. સરળગીતાનો પૂરો પાઠ કર્યો. થોડીઘણી વાતો કરી.

મુંબઇથી બેઠાં ત્યારે પાસેની સીટ ઉપર એક વોરા કોમનાં બહેન હતાં. તેમની સાથે થોડી વાતો થઇ. તે બહેન મક્કાની હજયાત્રા કરીને જોહાનિસબર્ગ જઇ રહ્યાં હતાં, જેથી તેમના ધર્મની ઘણી વાતો જાણવા મળી. આનંદ આવ્યો.

મોરીશીયસના એરપોર્ટ ઉપર તમારી પાસે જે વોટરબેગ હતી તેનું પાણી અને કાજુ બદામ વગેરે લીધું. વિમાનમાં અપાતો ખોરાક સ્વચ્છ હોય છે પરંતુ તે લેવાનું પસંદ પડતું નથી.

મુંબઇ ઘરેથી બપોરે ૧૧ વાગ્યે નીકળેલા ત્યારથી મળસ્કે ચાર વાગ્યા પછી એટલે કે સત્તર કલાક પછી પથારીમાં લાંબા થઇને આરામ કર્યો.

પ્રથમ જ દિવસ છે, પ્રથમ જ પરિચય છે, છતાં અહીં વસતી ગુજરાતી જનતા ભાવિક લાગે છે.

જ્યાં ઉતારો છે તે ઘર સ્વચ્છ આહારવિહારવાળું છે. રસોડામાં પણ કડક નિયમો પળાય છે. સાધુસંતોની સેવા આ પરિવાર અવારનવાર કરે છે. પરિવારના મૂળ પુરુષ ૧૯૦૪ માં દક્ષિણ આફ્રિકા શિક્ષક તરીકે આવેલા ને અહીં જ વસી ગયેલા. છતાં ધર્મના ચુસ્ત નિયમો પાળતા. જેથી ડરબાનમાં આ પરિવારની પવિત્રતા આજે પણ પ્રસિદ્ધ છે.

એવા પવિત્ર ને પ્રસિદ્ધ પરિવારમાં અમારી ઈચ્છા ને

ભાવના મુજબ આયોજકોએ ઉતારો ગોઠવ્યો તેમાં પ્રભુની કૃપા માનવી જરૂરી છે.

સંસ્કારી પવિત્ર આહારવાળું બ્રાહ્મણ કુટુમ્બ વિદેશમાં ભાગ્યે જ જોવા મળે. પૂ. શ્રીના ભોજનના નિયમમાં અહીં સહજ રીતે પ્રભુએ મદદ કરી.

પરમાત્માની મંગલમય યોજના મુજબ દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં આજની પ્રથમ નોંધ પૂર્ણ થઈ.

**તા. ૧૮–૧૧–૮૨, ગુરુવાર, કારતક સુદ ત્રીજ, ૨૦૩૯, ડરબન શહેર.**

ઘડિયાળનો સમય હવે ડરબન પ્રમાણે કરી દીધો. અહીં પાંચ વાગ્યે સવારે અજવાળું થઈ જાય છે. જેથી સમયસર ઊઠી સ્નાન કરી પૂ. શ્રીએ અને મેં સો માળાનો નિયમ પૂર્ણ કર્યો. સવારે થોડી નોંધ લખી. પૂ. શ્રીએ એક લેખ લખ્યો.

ગઈ કાલની યાત્રાનો થોડો થાક જણાય છે. જેથી થોડો આરામ જરૂરી જણાય છે.

છતાં આજે શ્રી રામકૃષ્ણ સેન્ટરના દર્શને જવાની પૂ. શ્રીએ ભાવના બતાવી. કાર્યકર્તા ભાઈઓ પૈકી શ્રી રતિભાઈ તે સેન્ટરના સભ્ય હતા. ભોજન બાદ ત્યાં જવાનું બન્યું.

શ્રી રામકૃષ્ણ સેન્ટર ડરબન શહેરમાં આવેલું છે. એસેવીલ નામના વિસ્તારમાં એબેલીયા રોડ ઉપર આ નવું સેન્ટર થયું છે. જૂનું સેન્ટર જરા દૂર હોવાથી નવા સેન્ટરમાં જવાનું હતું.

ઉપર મોટા શિવલિંગના આકારનો ઘુંમટ હતો. નીચે વિશાળ ભોંયરામાં આ સ્થાન આવેલું છે. નીચે પ્રવેશતાં જ શ્રી રામકૃષ્ણદેવની સુંદર સમાધિદશાની ઊભી સફેદ પ્રતિમાનાં દર્શન



થાય છે. એ પ્રતિમા અહીંના યુરોપીયન કલાકારે બનાવી છે. જાણે સાચે જ શ્રી રામકૃષ્ણદેવ ઊભા છે એવો ભાસ થાય છે.

અંદર વિશાળ હોલ છે. અને પેલા ગોળ શિવલિંગના આકારના ઘુંમટની બરાબર નીચે એટલે કે આ હોલમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી પ્રતિમાનાં દર્શન થાય છે. પાસે જ શ્રી વિવેકાનંદ અને શ્રી શારદામાતાની તસ્વીરો પણ જોવા મળે છે. હોલમાં ખૂબ શાંતિ લાગે છે.

અમે પાસે જઈ પ્રણામ કરી દર્શન કર્યાં. ત્યાં તો શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી શ્રી શિવપાદાનંદજી આવી ગયા. અમારી સાથેના ભાઈએ પૂ. શ્રીનો પરિચય કરાવ્યો. સ્વામીજી અંદર એમના કાર્યાલયની ખાસ બેઠક તરફ અમને લઈ ગયા. ત્યાં થોડું બેઠાં. શ્રી રામકૃષ્ણદેવની, દક્ષિણેશ્વરની, શ્રી રામકૃષ્ણ મીશનના પ્રમુખોની વાતો થઈ.

વિદાય વખતે સ્વામીજીએ પૂ. શ્રીને નીચા નમીને પ્રણામ કર્યા. કાર્યાલયની બીજી બાજુ મા શારદાદેવીની સફેદ પ્રતિમા હતી.

ઉપરના ભાગમાં ગાડી જ્યાં પાર્ક કરી હતી ત્યાં સુધી સ્વામીજી વિદાય આપવા આવ્યા. નમ્રતા, પ્રેમાળ મિલનસાર સ્વભાવ એ સ્વામીજીની વિશેષતા હતી.

સ્વામીજી પૂ. શ્રીનું પ્રવચન અહીં ગોઠવવાની ને ફરી પધારવાની વારંવાર વિનંતિ હાથ જોડીને કરતા હતા. ભગવાં વસ્ત્રધારી એ સ્વામીજીને અમે પણ ભાવભર્યા પ્રણામ કરી વિદાય લીધી.

ડરબન દરિયાકિનારે આવેલું છે. હિન્દી મહાસાગર અને ડરબનની અમગેની નદીનો સંગમ પણ અહીં જોવા મળે છે. અમારી ગાડી દરિયાકિનારે લીધી. ત્યાં થોડી વાર ગાડી ઊભી

રાખી. દરિયાનાં મોજાંનું દૃશ્ય ખૂબ સુંદર હતું. હજારોની સંખ્યામાં યુરોપીયન સ્ત્રીપુરુષો શરીરે તદ્દન ઓછાં કપડાં વીંટીને સૂર્યપ્રકાશમાં દરિયાકિનારે સૂતાં હતાં.

ભારતની જેમ અહીં પણ વિવિધ વૃક્ષો ને ફૂલો જોવા મળે છે. પરદેશમાં જોવા મળતી સ્વચ્છતા અહીં પણ જોવા મળી. રસ્તા પહોળા ને વ્યવસ્થિત હતા.

ભારતીય ભાઇબહેનો અહીંનું નાકરિકત્વ સ્વીકારીને કાયમ માટે વસી ગયાં છે. કોઇ ત્રીસ, કોઇ ચાલીસ, કોઇ પચાસ વર્ષથી અહીં રહે છે. મોટે ભાગે સૌ વેપારી છે. કાપડની, ચંપલની, અનાજ-ની દુકાનો ધરાવે છે. આર્થિક રીતે એ સૌ સુખી જણાય છે.

અહીં બહુમાળી મકાનોની ઈમારતો જોવા મળે છે. લોકો ફલેટમાં રહેતા હોય છે. અહીં ગુજરાતીઓની પણ વિવિધ સંસ્થાઓ છે. અમારા ઉતારાની સામે જ સપ્તાહમંદિર જોવા મળે છે. વળી, વિવિધ સંપ્રદાયોનાં મંડળો પણ અહીં છે.

ઉતારા ઉપર આવ્યાં ત્યારે બપોરના ત્રણ વાગી ગયા હતા. આજે એક સત્સંગી ભાઇ પોતાની નવી દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ‘અધ્યાત્મ’ માસિકના આજીવન સભ્ય બન્યા. તેઓ એ માસિકના ત્રણ વર્ષથી ગ્રાહક હતા.

સાંજે પાંચ વાગ્યે સંતરાંનો રસ લીધો. થોડો આરામ કર્યો.

સાડા છ વાગ્યે સત્સંગની બેઠક શરૂ થઇ, જેમાં પૂ. શ્રીએ એક નાનકડો વાર્તાલાપ આપ્યો. પછી પ્રશ્નોત્તરી શરૂ થઇ, જેમાં નીચેના પ્રશ્નોની સુંદર ચર્ચા થઇ.

પ્રશ્ન :

૧. તંત્ર, મંત્ર, વામમાર્ગ એટલે શું?



૨. ગાયત્રીમંત્ર ઉપર પ્રકાશ પાડશો?

૩. સંત, યોગી, મહાત્મા, અવધૂત એ બધા વચ્ચે શો તફાવત છે?

૪. ધ્યાનમાં શરીર ઉપર ઊઠે છે તો તે ધ્યાનની સ્થિરતા કહેવાય?

૫. કેટલાક કોઇ વસ્તુ કે ખાવાનું હવામાંથી, મોઢામાંથી કાઢે છે તે કઇ વિદ્યા છે?

પૂ. શ્રીએ દૃષ્ટાંતો સાથે પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. સાડા છ થી સાડા આઠ બે કલાક સુધી એ સત્સંગ ચાલ્યો.

જે સંસ્થાએ અમને અહીં બોલાવ્યાં છે તેના કાર્યકર્તાઓ પૂ. શ્રીને છ માસ સુધી રોકવા ઇચ્છે છે. પૂ. શ્રી ત્રણ માસ જ આપનાર છે તેની વાત પણ થઇ. એ સંસ્થા અમારું જાહેર સ્વાગત કરવાનું ગોઠવે છે. આવતા રવિવારે તા. ૨૧ મીએ તે કાર્યક્રમ થશે. એની થોડી વાતો થાય છે.

નવ વાગ્યે દૂધ ને ફળ લઇએ છીએ. પછી થોડી વાર ધ્યાનમાં બેઠા પછી આરામ.

દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં આજે બીજો દિવસ આ રીતે પૂર્ણ થાય છે.

હરિઃ ૐ

(ક્રમશઃ)

# જાળવી રાખી શાખ

પરમાર્થી

ત્રિભુવનના નાથ શું આવ્યા થઇ વિભૂતિ આજ?
જાણી ન શકુ, સમજી ન શકુ,
કહી ન શકું વાત! ત્રિભુવનના નાથ શું આવ્યા
થઇ વિભૂતિ આજ?

માછલી થઈને જ્ઞાન બચાવ્યું, કાચબો થઈને ધરતી
નર–પશુ રૂપ ધર્યું ત્યારે પ્રગટી એવી શક્તિ
જીવને શાતા વળી જ્યારે અસુર બન્યા ખાખ!

વામનરૂપે બલિ પરીક્ષા કપરી જેણે કીધી
પરશુથી સંહારી પાપો જગને શાતા દીધી
શક્તિની ભક્તિથી રામે રાવણ રોળ્યા લાખ!

અર્જુન હોય ત્યાં સારથી બનતો ગોપીનો ઘનશ્યામ
જડ રિવાજો તોડી કરતો નવચેતનનાં કામ
બુદ્ધ સ્વરૂપે આવી જેણે સહુની રાખી લાજ!

કૌતુકથી સૌ જોતાં શાને બાવો નમતો રોજ
નમ્યા વિના કેમ રહી શક્યોના? મનમાં કરતાં ખોજ
છબી છબી પર છવાઇ વિભૂતિ પૂરતી કોની શાખ?
ત્રિભુવનના નાથ શું આવ્યા થઇ વિભૂતિ આજ?

o



# સ્વર્ગારોહણમાં સુખાનંદ

જ્યોત્સ્નાબેન ત્રિવેદી

સત્યપથ સ્વર્ગારોહણ અને આર્યનિવાસ એ યોગેશ્વર પરિવારનાં તીર્થોત્તમો છે. ત્યાં તીર્થસ્વરૂપ 'મા' અને સ્વયં તીર્થની મહત્તા બંનેનો પવિત્ર સંગમ છે. સ્વર્ગારોહણના તીર્થને પૂ. શ્રી માએ એટલું બધું સંનિધિ સુખ આપ્યું છે કે તે નામ સાંભળતાં જ આપણને સહુને રોમાંચ થાય છે. દુનિયાના, ભારતના કે ગુજરાતના નકશામાં તેનું સ્વરૂપ ગમે તેટલું નાનું હોય પણ આપણા સહુ માટે તે વિરાટદર્શન છે.

સ્વર્ગારોહણ એવું તીર્થ છે, જેનો કણેકણ પૂ. શ્રી માનો સંસ્પર્શ પામેલો છે. વિસર્જનમાંથી નવસર્જન પામેલા આપણા નિવાસસ્થાનમાં પૂ. શ્રી માએ આપણને ગૃહમંદિર ઊભું કરવાની કલાનું સુંદર માર્ગદર્શન આપ્યું છે. ગૃહના પાયામાં ગંગાજળ, મંત્રોચ્ચાર, બાવનીઓ, વિષ્ણુસહસ્રનામ, શ્રીહનુમાન સ્તુતિ આવાં તો અનેક નાદબ્રહ્મનાં અનુષ્ઠાનો થયાં છે. મજૂરોનો પસીનો સુકાય તે પહેલાં તેમને વેતન મળે તેવો આદર્શ માત્ર પૂ. શ્રી માએ સૂચવ્યો નથી, તેનો અમલ પણ કરી બતાવ્યો છે. મજૂરોને દરરોજ કામ પછી પ્રસાદ અને તેના વૈવિધ્યનું પૂ. શ્રી માએ, એક ગૃહિણી પોતાના રસોડામાં એકવિધતા ન થઈ જાય ને જે ધ્યાન રાખે તેવું રાખ્યું છે. અને તેમની પ્રસન્નતાની હાશ મેળવી છે. નિવાસો સગવડભર્યા સ્વચ્છ પવિત્ર રહે તેવું રહેનારા બાળકોનું પણ પૂ. શ્રી માએ ધ્યાન રાખ્યું છે. સ્વચ્છ હોય તે બધું જ પવિત્ર હોય તેવું ન હોઇ શકે, પણ પવિત્ર એટલું બધું સ્વચ્છ હોય, તે પાઠ પણ પૂ. શ્રી માએ આપણને શીખવ્યો છે.

સવારથી શરૂ થતી પ્રભાતફેરી, બાવનીઓનું પ્રભાતિયાના રાગમાં ગાન, કુટિયાની પ્રદક્ષિણા અને સ્વર્ગારોહણની ભૂમિનું દર્શન અને સંસ્પર્શન એ સંકીર્તન આરાધના, એ મંગલા દર્શન છે. પ્રણામની બેઠકમાં જ પૂ. શ્રી માનું દર્શન એ પ્રભાતની ધન્યતા અર્પે છે, અને સહેજે પ્રાર્થના થઇ જાય છે. જીવનનું દરેક પ્રભાત આવું જ હોય જ્યાં આપણાં પૂ. શ્રી મા આપણી સાથે હોય. સ્વર્ગારોહણ કે આર્યનિવાસ સિવાય આ પુનિત દર્શનનો આટલો વહેલો લાભ ક્યાંય નથી.

સ્વર્ગારોહણ એ એક પરમ પ્રેમીની પ્રેમમય સંસ્થા છે. અહીં પ્રભુના દરેક સ્વરૂપને સન્માન અપાય છે. દરેકને પોતાના ઈષ્ટને પોતાની રીતે વ્યક્તિગત સાધનાના સમયમાં ભજવાની છૂટ છે. કોઇ કટ્ટરતા નથી. જે સ્વરૂપને ભજો છો તેની સાથે નિકટતા, સરળતા અને સહજતા કેમ પ્રાપ્ત કરાય તે તો પૂ. મા એવી સરસ રીતે શીખવે છે કે જાણે વિવિધ સાધનાઓ જાણે પૂ. શ્રી માએ પણ ન કરી હોય! અને તેનો અર્ક આપણને પાતાં હોય!

યોગતીર્થનું સર્જન એ પૂ. શ્રી માના જીવનની ઉત્તમ કવિતા છે. સંપૂર્ણ શરણાગતિમાંથી ચરમસીમાએ પહોંચેલો પ્રેમ અને એ પ્રેમમાંથી સાધકજનોને કરાવેલું આચમન માત્ર તે યોગતીર્થ છે. યોગતીર્થ એ સ્વસ્પોનું સંકલન કે વસ્તુઓનું સંગ્રહસ્થાન નથી, પૂ. માની સંજીવની પામેલું પૂ. ગુરુદેવ પ્રત્યેના આદર, શ્રદ્ધા, ભક્તિ અને ઉત્કૃષ્ટ પ્રેમનું ઉત્તમ નજરાણું છે, ત્યાં કલા ને સાહિત્યનો ઉત્તમ સંગમ છે. મહાભારતના નળાખ્યાનમાં વાંચેલું કે દમયંતીના હાથમાં સંજીવની સ્પર્શ હતો જેથી કોઇ પણ



મૃતવસ્તુ જીવંત થઇ જતી. સ્વર્ગારોહણ કે યોગતીર્થ જોયા પછી આપણને લાગે કે તે વાત સાચી છે. તે ભલે પ્રતીકાત્મક હશે, પણ અહીં પ્રત્યેક વસ્તુ પૂ. શ્રી માના હસ્તે સંજીવની પામી છે. યોગતીર્થમાં આપણને પૂ. શ્રી માના હૃદયનો ધબકાર પ્રભુસ્વરૂપે દેખાય છે અને આંદોલનો રૂપે અનુભવાય છે. એક પવિત્ર પારદર્શી જીવનને તેની સર્વ વિશિષ્ટતાઓ સાથે વિધ વિધ પાસાને સ્પર્શતી શ્રેષ્ઠ ભાવાંજલિ અને આદરાંજલિ છે.

સ્વર્ગારોહણના પ્રત્યેક સર્જનના પાયામાં પૂ. શ્રી મા સહિત સહુ સાધકોના શ્રમયજ્ઞો પણ છે. ત્યાં માત્ર પૂ. શ્રી માએ આદેશ નથી આપ્યો, પણ ખભેખભા મિલાવી કામ કર્યું છે. કદાચ અધિકતમ ફાળો આપ્યો છે. રેતી ઠાલવવાની હોય કે ઇંટો ગોઠવવાની હોય, રેબીટ ઉપાડવાનો હોય કે સ્વચ્છતાનું અભિયાન હોય, કોઇ પણ કામ નાનું નથી અને વિસરાઇ ગયેલા શ્રમના મહિમાને જીવંત કરી, પૂ. શ્રી માએ અહીં એક અનોખું ગૌરવ આપ્યું છે.

અહીં સેવા આપનાર વૃક્ષ હોય કે ફૂલ પાંદડું કે ડાળી સહુનું મહત્ત્વ પૂ. શ્રી માને મન એક જીવંત સહયોગી તરીકેનું જ છે. નવસર્જનમાં જે વૃક્ષો બીજે લઇ જવાયાં તે તો વિધિવત્ નવજીવન પામ્યાં. પણ જે ન પામ્યાં તેનાં અસ્તિત્વનું નિર્મૂલન નથી થયું, ત્યાં થોડા થડને રહેવા દઇ તે ઘસાવી સુંદર રંગકામ કરી બેઠકનો દરજ્જો અપાયો છે. કુદરતની કોઇ પણ વસ્તુ નકામી નથી. તે માત્ર વિચાર કે સિદ્ધાંત જ નથી, તેનો અમલ પણ છે.

“વિશાળે જગ વિસ્તારે, નથી એક જ માનવી. પશુ છે પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ.” એ કવિ શ્રી ઉમાશંકર

જોષીના આદર્શ પ્રમાણે અહીં પક્ષીઓને ચણ નાંખવામાં આવે છે. દિવસભર મુક્ત રીતે તેઓ આવે છે, વિચરે છે ને ચણીને ચાલ્યાં જાય છે. તેમનો મુક્ત કલરવ અને આનંદ એક મંત્રગાન સમો લાગે છે, જે સાંભળનાર સહુને પણ આનંદથી ભરી દે છે.

કોઈ પણ જગ્યાએ જઈએ આપણું મુખ્ય લક્ષ તો પ્રભુપ્રાપ્તિ જ છે. પ્રભુસ્મરણ અને પ્રભુસમર્પણથી કરેલું પ્રત્યેક કામ ભક્તિ જ છે એટલે અહીં સર્વકાર્યો તે રીતે જ થાય છે. અહીં સહુને પ્રભુભજનમાં નડતો Time Managementનો પ્રશ્ન પૂ. શ્રી માએ હલ કરી આપ્યો છે. સવારે પ્રભાતફેરી પછી ૧૧ વાગે ફરી પાછી એક સત્સંગની બેઠક હોય છે, જેમાં ગુરુલીલામૃતના એક અધ્યાયનું ગાન, વિવિધ પ્રાર્થનાઓ, સ્તુતિઓ, મંત્રગાન કોઈ સાધકોનું વક્તવ્ય એ રીતે સુંદર આયોજન કરવામાં આવે છે. સાંજે ત્રણથી ચાર કુટિયામાં સંકીર્તન અને રાત્રે આઠથી દસ સત્સંગની બેઠક. દિવસનો ૧/૩ અથવા ૧/૪ ભાગ આ રીતે કરી તનને પ્રભુ સાથે જોડવાનું હોય છે. તન જોડાય તો મન ક્યારેક તો જોડાય જ. ઉપરના સ્તરથી ઘસાતાં ઘસાતાં એક મૂર્તિ અજાણપણે અંદર પણ નિર્માણ થાય જ અને માનવમનની અંદર મૂર્તિઓના શિલ્પી બની નવસર્જનનું કામ પૂ. શ્રી મા તેઓના પ્રેમરૂપી સુંદર ટાંકણાવડે કરી રહ્યાં છે.

સ્વર્ગારોહણમાં તનની સાથે સાથે મનની પણ માવજત છે. આવનાર સાધકનું મન સાત્ત્વિક રહે, પ્રમાદી ન બની જાય તેવા સુંદર ભોજનના કાર્યક્રમને પણ અહીં પ્રાધાન્ય છે. જેવું અન્ન તેવું મન; અને એ જ મન જીવનના બંધન અને મોક્ષનું સાધન. તે મનની માવજત પૂ. શ્રી મા આવા હળવા ભોજનદ્વારા ખૂબ સરસ



રીતે કરાવે છે.

જીવનમાં એક ખૂબ અઘરું કાર્ય હોય તો તે સામી વ્યક્તિને હસાવવાનું છે. આ કળા પૂ. શ્રી માને એટલી ઉત્તમ રીતે સાધ્ય છે કે પૂ. શ્રી મા હોય અને બે ચાર સાધકો પણ જો આસપાસ હોય, તો હાસ્યના ફુવારા ઉડતા જ હોય. પૂ. શ્રી મા કહે છે કે કોઈને હસાવવું તે પણ સેવા છે. પોતાની જાતપર પણ હસાય, તેવું પણ પૂ. શ્રી મા આપણને શીખવે છે. જ્યાંથી મળે ત્યાંથી નિર્દોષ અને સહજ આનંદ પ્રાપ્ત કરવાનો પદાર્થપાઠ અહીં મળે છે.

વિવિધ અને સુંદર પ્રકારનું વાંચન પૂ. શ્રી મા કરાવતાં રહે છે. કોઈ સારી વાત વાંચે કે તુરત સહુને વંચાવે. સારું એટલું મારું. અહીં એવી કોઈ વાડાબંધી નથી કે આ જ વંચાય ને બીજા સંતોનું ન વંચાય. મન સારું રાખે અને પ્રેરણારૂપી પીયૂષ પાય એવું વાંચન અને સાહિત્ય પૂ. શ્રી મા આપણને ઉપલબ્ધ કરાવે છે. ઈશ્વરદર્શન અને સાક્ષાત્કાર એ સહુ માટે સહજ ઉપલબ્ધિ નથી, પણ તે દિશામાં પદાર્પણ કે તે વિકટ કેડીએ સહજ રીતે ચાલવાનું માર્ગદર્શન આપણને આત્મદર્શી સંતો—ભક્તો કે મહાપુરુષો જ કરાવી શકે. પૂ. શ્રી મા આપણને એ માર્ગે જવાના સાધનારૂપી માર્ગો પણ અહીં બતાવે છે. દર્શન એટલે સમજ. સાક્ષાત્કાર તો થોડા સમય માટેની અનુભૂતિ છે, પણ એ અનુભૂતિને—સમજને જીવનમાં ઉતારવી તે ભક્તિ છે. તે સમજને જીવવી તે ભક્તિ છે અને પ્રાપ્ત થયેલી સમજને જીવવા માટેની પરબડી માંડીને મા બેઠાં છે. તે પ્રત્યેક નાના મોટા કાર્યમાં તે સમજનું—અમૃતનું પાન આપણને કરાવે છે અને તે જ તેમની સંનિધિ સુખની શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે.

અધ્યાત્મ માર્ગના બે મહાન શત્રુઓ આત્મવંચના અને અહંકાર તે બંનેનો સામનો કરવાનું પૂ. મા ખૂબ સરસ રીતે શીખવે છે, આપણી જાતના આપણે જ કેવી રીતે પહેરેગીર બનવું, ક્યારેક કડક હાથે કામ લઈ તો ક્યારેક મનને મિત્ર બનાવીને ભયંકર પતનના માર્ગેથી મા ઉગારે છે. તો એ ઓગળી જઈ દરેક ઈચ્છાને મા—પ્રભુની ઈચ્છા માની અહંકારરૂપી શત્રુને ઓગાળવાની મા ચાવીરૂપ યુક્તિઓ પણ બતાવે છે.

આ બધાં આવાં સામાન્ય દેખાતાં કાર્યો પણ કેવાં વ્યાવહારિક જગતમાં દુષ્કર હોય છે તે આપણે અનુભવીએ જ છીએ. પણ છતાંય ક્યારેય કોઈ ફરિયાદ નહીં જ્યારે જે સમયે જે નિયત થયું છે તે થઈને જ રહેશે તે સુંદર સમજની અહીં ઉપલબ્ધિ છે. તેનો અર્થ બેદરકારી કે આળસ કે દીર્ઘસૂત્રતા નથી, પણ પ્રભુઈચ્છાની સર્વોપરિતા છે.

નવરાત્રિમાં આપણે સહુ ક્યારેક મૌનનો પ્રયોગ કરીએ છીએ. વ્યવહાર જગતમાં વાણી વગર કાર્ય કરવાની કેટલી તકલીફ પડે છે તેની કલ્પના નથી કરવાની. એ આપણા સહુનો અનુભવનો વિષય છે. કેટલા મોટા નિદાન યજ્ઞો હોય, યોગજ્યોતના ગૌરવનું કાર્ય હોય કે સ્વર્ગારોહણના વિસર્જનમાંથી નવસર્જનનું કામ હોય પૂ. શ્રી માએ મૌન રહીને ઉત્તમ રીતે તેનું નિર્માણ કર્યું છે. તેની મહત્તા કંઈ ઓછી નથી. પૂ. શ્રી મા માત્ર પ્રભુના જ પ્રેમી નથી, બાળકોના પણ ખૂબ પ્રેમી છે. ગણતાં થાકી જવાય તેટલા ઉપવાસો તપસ્યાથી ઘડાઈ ગયેલો નાજુક દેહ અંબાજીની ગરમીમાં નિર્જળા ઉપવાસો મશીનના ઘર ઘર માથું ફાડી નાંખે તેવા અવાજો ધૂળ માટીના પરિણામે આવતી દીર્ઘ



છીંકો અને ગાયત્રીમંત્ર જેવી લાંબી ઉધરસની ભેટ પમ પૂ. માએ વિના ફરિયાદ હસતાં હસતાં ચલાવી લીધું છે. આનાથી ઉત્કૃષ્ટ પ્રેમ બીજો શું હોય! પૂ. મા કદી નથી કહેતાં “નથી મુજ તત્ત્વો વિશ્વથી મેળ લેતાં” હમેશાં તે તો કહે છે સબસે હિલમિલ ચાલીએ નદી નાવ સંજોગ. પ્રેમની આજ ધન્યતા અને આજ બધાંનું સહજ અને સુભગ દર્શન તે સ્વર્ગારોહણનો સુખદ નિવાસ.

આજે સર્વત્ર લુપ્ત થતી પારદર્શકતાનું અહીં સહજ દર્શન છે. વાણી અને વર્તનમાં શિખરથી ખીણ સુધીનું જે અંતર છે તે અહીં જોવા જ નથી મળતું. જેવી વાણી તેવું જ વર્તન. સિદ્ધાંતો માત્ર સાંભળવા સંભળાવવા માટે નહીં, પણ અમલમાં મૂકવા માટે જ એ સત્યમ્ શિવમ્ સુંદરમ્‌નું પ્રતિપળે દર્શન એ જ માનો સાક્ષાત્કાર.

પ્રાચીન ઉપનિષદ્ કાળનું વિસરાઈ ગયેલું કલેવર પૂ. શ્રી માએ અહીં પુનઃ જીવિત કર્યું છે. પ્રત્યેક ઘરના દા.ત. સર્પદર્શન. તો તેના બીજા શાસ્ત્રાર્થો ગમે તે હોય પણ પૂ. શ્રી મા કહે કેવી યોનિ? સહુ ડરે સહુ તિરસ્કાર કરે. પ્રેમ સહુને કરો. આસક્ત ક્યાંય ન થાવ. ઓછામાં ઓછા ઋણાનુબંધો ઊભા કરો અને મુક્ત રહો. ક્ષણે ક્ષણે મૃત્યુ પામો અને અનિવાર્યતાના અહંકારથી મુક્ત બનો. પ્રત્યેક ઘરનાનું એક નવું વ્યાવહારિક અર્થઘટન જે તદ્દન સહજ સરળ, મૌલિક રીતે આવે છે. બસ, આપણે તો માત્ર એક દૃષ્ટિ લઈને આવવાનું છે જેનાથી પૂ. માનું વિરાટ દર્શન કરવાનું છે. આગ્રહ પરિગ્રહ વિગ્રહ સર્વ છોડી ખાલી થવાનું છે. જેથી મા તેમને જે ભરવું છે તે ભરી શકે. આજુબાજુના બધાં જ વળગણો નેવે મૂકી પૂ. મા આપણી માટે શું કરી રહ્યાં છે તે

જ લક્ષ્ય રાખી મળેલી પળો જીવી લેવાની છે. પળે પળે પૂ. શ્રી માના જીવનમાં મૂર્તિમંત ગુરુભક્તિને આપણા જીવનમાં ઉતારવાના પ્રયત્નો કરવાના છે. પૂ. શ્રી માએ આરંભેલા માનવમન મંદિરો કંડારવાનું યુગકાર્ય જેવું ભગીરથ કાર્ય એ આપણાદ્વારા ખંડેર ન બની જાય, તેવી તેટલી જાગૃતિ રાખવાની છે, અને મુક્ત અને હળવા થઈને જીવ્યે જવાનું છે. આજ સ્વર્ગારોહણમાં જીવાયેલા જીવનની ધન્યતા છે. આ જ તેનો સુખાનંદ છે. પરમાનંદ છે. આ જ વેદ આ જ વેદાંત છે. આ જ પરમપ્રેમની ઉપલબ્ધિ છે.

અહીં આવનારનું નિત્ય સ્વાગત છે. પૂ. માનું એક સ્મિત અને પ્રેમાળ દૃષ્ટિ સંસારના સર્વ સંતાપોને હરી લે છે. પૂ. શ્રી પ્રભુ અને પૂ. મા જ્યોતિર્મયી આપણને તેમના શુભાશીષોથી આંદોલનોદ્વારા નવાજતાં રહે છે. અહીં આવનારને એક સલામ, જનારને સો સલામ અને ન આવનારને હજાર સલામ એવું ક્યાંય કહેવાતું નથી. અહીં તો પુનઃ પધારજો, સંજીવની પામીશું, તેવો વિદાયમાં પણ મીઠો આવકાર છે. સ્વર્ગારોહણમાં સૌથી અઘરું કામ હોય તો પૂ. શ્રી મા પાસેથી વિદાય મેળવવાનું. શ્રી ઘનશ્યામ-ભાઈ પણ સલાહ આપે કે પહેલાં રજા લઈ લો, પછી પૈસા ભરી જાવ. એટલે કેવો માનો બાળકો માટે અદ્ભુત પ્રેમ છે! ત્યાં અહીં નિત્ય ઓચ્છવો છે, નિત્ય સેવા છે. નિત્ય નવીન દર્શન છે. તે જ ધન્યતા છે. આ સહુની પ્રાપ્તિ માટે પૂ. શ્રી માને કોટિ કોટિ પ્રણામ.

★



# શ્રી સર્વેશ્વરી સ્મરણ સુખદાતા

શ્રી સર્વેશ્વરી, વિશ્વંભરી, સુખદાતા,
જયકારી, દુઃખહારી, આપજો શુભ શાતા...શ્રી સર્વેશ્વરી૦
બાળ સહુ આપને સ્મરતા રહે છે,
કષ્ટ ઝેલી કાળજી કઠણ કરે છે,
તમે નિશદિન વરસાવજો અમીધારા...શ્રી સર્વેશ્વરી૦
દુઃખ તણા પહાડ સામે દીસે છે,
સુખ શોધવા સાગર સમીપે ધસે છે,
ભીડભંજની ભાંગજો અમારી ભ્રાંતા...શ્રી સર્વેશ્વરી૦
દીનદયાળી દયા સાગરને છલકાવજો,
મમતાની મૂર્તિ સમા મા મુખ મલકાવજો,
છલકે ન કદી સુખમાંય સાગર કિનારા...શ્રી સર્વેશ્વરી૦
સર્જનહારે સર્જી છે સુંદર પ્રભુની સેવા,
ભજી ભગવાનને કુ-ભાવ દૂર કરી દેવા,
મંગલમય કરુણાથકી હાથ ઝાલો અમારા...શ્રી સર્વેશ્વરી૦
ઘોર અંધકાર છાઈ રહ્યો છે બહુ,
સ્વાર્થના જ સગા થઈ ફરે છે સહુ,
"નિર્ભય" બનવાની શક્તિ આપજો માતા...શ્રી સર્વેશ્વરી૦

**રચયિતા : નિર્ભયરામ કા. વૈષ્ણવ**

○

# મુંડક ઉપનિષદ્ (૮)

મહાત્મા યોગેશ્વરજી

## (૮) વિશ્વરૂપનું દર્શન

આ પછી બીજા મુંડકની શરૂઆત થાય છે, ને તેના પહેલા ખંડમાં પણ સંસારની ઉત્પત્તિ પરમાત્મામાંથી થઇ છે એવું ફરી વાર પણ જરા જુદા શબ્દોમાં કહેવામાં આવ્યું છે, ઋષિ કહે છે કે પરમાત્મા જ સત્ય છે. બાકી આ બધું જગત જે દેખાય છે, સંભળાય છે કે અનુભવાય છે તે પરિવર્તનશીલ ને અસ્થિર છે. પ્રજ્વલિત અગ્નિમાંથી જેવી રીતે એકસરખા હજારો તણખા ઉત્પન્ન થાય છે તેવી રીતે અવિનાશી એવા પરમાત્મામાંથી જુદી જુદી જાતના પદાર્થો પ્રકટે છે. એ પરમાત્મા અલૌકિક છે, નિરાકાર છે, અજન્મા છે તથા અંદર ને બહાર બધે જ વ્યાપક છે. તેમાંથી મન, પ્રાણ, ઇંદ્રિયો, આકાશ, વાયુ, તેજ, પાણી ને સર્વને ધારણ કરનારી આ પૃથ્વી ઉત્પન્ન થાય છે. તે સર્વ ભૂતો ને પદાર્થોનો અંતરાત્મા છે. જુદી જુદી ઋચાઓ, સામવેદ ને યજુર્વેદના મંત્રો, યજ્ઞો, દિશાઓ, દક્ષિણાઓ, વર્ષો ને યજમાન, સૂર્ય ને ચંદ્રથી પ્રકાશિત લોકો બધું એ પરમપુરુષમાંથી જ પ્રકટ થયું છે. અનેક જાતના દેવો, મનુષ્યો, પશુપક્ષીઓ, પ્રાણો, ડાંગર ને જવ જેવાં અન્નો, તપ, શ્રદ્ધા, સત્ય ને બ્રહ્મચર્ય જેવાં તત્ત્વો તેમ જ વેદની આજ્ઞાઓની ઉત્પત્તિ પણ એમાંથી જ થઇ છે. સાત પ્રાણ, સાત જ્યોતિ, સાત સમિધનાં લાકડાં, વિષયજ્ઞાનરૂપી સાત હોમો ને સાત લોકો પણ એમાંથી જ ઉત્પન્ન થયા છે. સમુદ્રો ને પર્વતો તેમાંથી જ થયા છે ને નદીઓ તેમાંથી જ નીકળીને વહ્યા



કરે છે. બધી જાતની ઔષધિ ને રસની ઉત્પત્તિ પણ તેમાંથી જ થયેલી છે. તે પરબ્રહ્મ પરમાત્મા હૃદયરૂપી ગુફામાં વિરાજેલા છે, તે પરમ પરમાત્માને જે જાણે છે તે અજ્ઞાનરૂપી બંધનમાંથી મુક્તિ મેળવી શાંતિનો સમ્રાટ બને છે.

આ ખંડમાં પરમાત્માની મૂળાધારતા ને સર્વરૂપતા તથા સર્વવ્યાપકતાનું ટૂંકમાં વર્ણન કરવામાં આવ્યું છે. તેનો વિચાર કરીને ને તેનું પોપટપારાયણ કરીને બેસી રહેવાનું નથી, પરંતુ જીવનમાં તેની ભાવનાનો અનુભવ કરતાં શીખવાનું છે.

પરમાત્મા બધા રૂપે ને બધી વસ્તુમાં રહેલા છે એવી અનુભૂતિ કાંઇ સહેજે નથી થતી. અનુભવની એવી ઉત્તમ અવસ્થાએ પહોંચવાનું કામ જરા કપરું છે. છતાં તે માટેનો પ્રામાણિક પ્રયાસ કરતા રહેવાની જરૂર છે. તેવા પ્રયાસથી માણસ ધારે તો એ અવસ્થાએ સહેલાઈથી પહોંચી શકે. ભારતના કેટલાક ભક્તો પણ પ્રેમના ભાવથી એવી ઉચ્ચ દશાએ પહોંચ્યા હતા. તેમનાં પદોમાં તેમની એ અનુભૂતિના પડછંદા પડેલા દેખાઇ આવે છે. ભક્ત કવિ નરસિંહનું પદ તેનો સુંદર નમૂનો છે. સર્વાત્મભાવની પરિસીમાએ પહોંચીને તે તદ્દન સરળ, સચોટ ને અર્થવાહી ભાષામાં લખે છે કે પરમાત્મા બ્રહ્માંડભરમાં વ્યાપક છે; જુદાં જુદાં નામ ને રૂપમાં તે જ પ્રકાશી રહ્યા છે. જુઓ એ પદની મધુર પંક્તિ—

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઇ વેદ વાસે.

પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા,
વૃક્ષ થઇ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવથકી જીવ થયો એ જ આશે.
વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ સાખ દે,
કનકકુંડલ વિશે ભેદ ન હોયે;
ઘાટ ઘડ્યા પછી નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ મન તણી શોધના,
પ્રીત કરું પ્રેમથી પ્રકટ થાશે.

હૃદયને નિર્મળ કરી મનને વિવેકની માધુરીથી ભરી દેવાથી વિશ્વરૂપનું આવું દર્શન સહજ બને છે ને ચરાચરમાં પરમાત્માની અલૌકિક લીલા થતી હોય તેવું લાગ્યા કરે છે. જે આંખ આજ સુધી સંસારને જોયા કરતી તે બદલાતી નથી, પરંતુ નિર્મળ બની જાય છે ને તેથી જ તેને તેનું દર્શન થયા કરે છે. આંખ ને અંતરને એવી રીતે નિર્મળ કરીને ચરાચરમાં પરમતત્ત્વનું દર્શન કરવા માટે જ સાધના છે. આત્મજ્ઞાન ને યોગનું રહસ્ય પણ એમાં સમાઇ જાય છે. પછી પરમાત્માના દર્શનની બધી ભ્રમણા દૂર થાય છે કે ભાગી જાય છે. પરમાત્મા વિના કાંઇ રહેતું જ નથી. અંદર ને બહાર બધે, જ્યાં જ્યાં નજર પડે ત્યાં, પરમાત્માનો પરમ પ્રકાશ જ દેખાયા કરે છે. સાધકે એવી દશા કે દૃષ્ટિની સહજ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેને માટે અભ્યાસ કરવાની ને મનને કેળવવાની જરૂર છે. જે દેખાય, સંભળાય ને અનુભવાય તે



પ્રભુરૂપ છે એમ અનુભવવાની ટેવ પાડવાની જરૂર છે. વિવેકી સાધક નદીના નિર્મળ નીરમાં પરમાત્માના જ પ્રેમપ્રવાહનું દર્શન કરે છે; સાગરની ગર્જનામાં તેની જ ગર્જના ને વાદળના ગડગડાટમાં તેનો જ ગડગડાટ સાંભળે છે. ખીલતી કળી ને ફોરમવંતા ફૂલોમાં તેને પરમાત્માના પરમપ્રેમાળ સ્મિતનું દર્શન થાય છે; તારા, ચંદ્ર, સૂર્ય ને સંધ્યા, ઉષા તેને તેનાં જ પ્રતિનિધિ લાગે છે. પંખી, પશુ, પ્રાણી ને માનવમાં તે જ પરમાત્માનો પ્રકાશ પથરાઇ રહ્યો છે એવો તે અનુભવ કરે છે. જગતની અનેકતામાં આવી રીતે તે એકત્વનું દર્શન કરે છે. કોઇ કહેશે કે એવું એકત્વ દર્શન તો ભાવનાને લીધે થયું કહેવાય. તેમને આપણે કહેશું કે ભાવનાની શક્તિ પણ ઘણી પ્રબળ છે. ભાવનાથી થનારા દર્શનમાં પણ ઘણી તાકાત છે. જીવનપર તેની અસર પણ પ્રબળપણે થયા વિના નથી રહેતી. તેવું દર્શન મોટે ભાગે ભાવનાથી થતું હોય તોપણ નકામું નથી. માનવના વ્યવહાર, વિચાર ને સ્વભાવપર તેની અસર ઘણી ઊંડી પડે છે. માનવને તેને પરિણામે સમતા, શાંતિ ને ભેદભાવમાંથી મુક્તિ મળે છે. તેનું જીવન વધારે ને વધારે વિવેકી, પ્રેમાળ ને નમ્ર બને છે. નિર્ભયતા, નિર્વૈરતા ને નિખાલસતા તેના સ્વભાવમાં સહજ રીતે જ આવવા માંડે છે. સાર્વત્રિક પ્રેમભાવ ને સેવાનો તે હિમાયતી બને છે. ઘટઘટમાં પ્રભુના પરમ પ્રકાશનું તેને દર્શન થાય છે. એટલે કોઇની સાથે વેર કે કપટ કરવાની વૃત્તિ તેને નથી થતી.

**अब हौं कासों वैर करौं?**
**कहत पुकारत प्रभु निज मुखते**
**घटघट हौं विहरौं॥ अब हौं०**

એ ભાવનામાં ભક્ત તરબોળ બની જાય છે. સર્વાત્મ-ભાવની ભાવના આ પ્રમાણે જીવનને માટે મદદરૂપ ને મંગલકારક થઇ શકતી હોય ને જીવનને પલટાવી તથા ઉજ્જ્વળ ને જોમવંતુ બનાવી વધારે ને વધારે સુંદર સ્વરૂપ આપી શકતી હોય, તો તેને શરૂઆતની દશામાં પણ નિરર્થક કેવી રીતે કહી શકાય? માનવને માટે તે કાયમને માટે મંગલકારક થઇ પડે છે.

ઋષિ કહે છે કે સૌના હ્રદયમાં રહેલા એ પરમાત્મા સૌની તદ્દન સમીપે રહેલા છે. તેમને શોધવા, જોવા કે અનુભવવા બહુ દૂર જવાની જરૂર નથી. સંસારના સ્વરૂપમાં તે જ જીવે છે, ગતિ કરે છે ને શ્વાસ લે છે. તે જ સર્વકાંઇ છે. તે પ્રકાશમાન છે, અણુ કરતાં પણ સૂક્ષ્મ છે, અક્ષરબ્રહ્મ છે, તેમ જ મન, પ્રાણ ને વાણીરૂપે પણ તે જ છે. લોકો ને લોકપાલો તેમાં જ રહેલા છે. તે જ સત્યરૂપ ને અમૃતરૂપ છે. જીવનનું લક્ષ્ય તે જ છે. તેના જ સ્વાનુભવથી જીવન ધન્ય થઇ શકે છે. જ્ઞાનરૂપી ધનુષ્ય ને ભક્તિરૂપી બાણ લઇને તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાની જરૂર છે. તે માટે પરમાત્મા વિનાની બીજી વાતોમાંથી મનને પાછું વાળી લેવાની ને પરમાત્મામાં તન્મય થઇ જવાની જરૂર છે. એ પરમાત્માનું જ્ઞાન થતાં સંશયો શમી જાય છે, હ્રદયની અજ્ઞાનની ગાંઠો તૂટી જાય છે, બધાં બૂરાં કર્મોનો અંત આવે છે. પછી બૂરાઇ નથી થઇ શકતી. જ્ઞાનીનો સ્વભાવ જ એવો શુદ્ધ થઇ જાય છે. તે પરમાત્મા પરમ પ્રકાશિત છે, ને આગળપાછળ, નીચે ને ઉપર બધે રહેલા છે. જે દેખાય છે તે તેનું જ સ્વરૂપ છે. તેને સૂર્ય, ચંદ્ર, તારા કે અગ્નિના પ્રકાશથી નહિ, પરંતુ નિર્મળ મનમાં પ્રકટેલા વિવેકથી જ જોઇ શકાય છે. (ક્રમશઃ)



# બંધન અને મુક્તિ

કલ્પેશ ડી. સોની

માણસની પાંચ જ્ઞાનેન્દ્રિયો છે : આંખ, કાન, નાક, જીભ અને ત્વચા. આ પાંચેય જ્ઞાનેન્દ્રિયોદ્વારા માણસને જુદા જુદા પાંચ વિષયોનું સંવેદન થાય છે, સંવેદનની અસરો મનપર પડે છે, જેની પ્રતિક્રિયારૂપે માણસના મનમાં ગમાઅણગમા (Liking–disliking) ની ભાવના જન્મે છે, જેના પરિણામે માણસ ગમતું સંવેદન વારંવાર અનુભવવાની ઇચ્છા કરે છે અને અણગમતા સંવેદનથી દૂર રહે છે. ઇન્દ્રિયસુખ મેળવવું એ માણસની ઇચ્છાનો એક પ્રકાર છે ઇન્દ્રિયસુખ માણસને આનંદનો અનુભવ કરાવે છે, આથી માણસ એમ માને છે કે આનંદ ઇન્દ્રિયોના વિષયોમાં (બહાર) રહેલો છે. વાસ્તવમાં આનંદ માણસનો સ્વભાવ (અંદર) છે, જેનો અનુભવ લેવા માટે માણસને બાહ્ય વિષયોના અવલંબનની જરૂર પડે છે. જો આનંદ વિષયોમાં હોય તો કોઇ પણ સંજોગોમાં વિષયો માણસને આનંદનો અનુભવ કરાવી શકવા જોઇએ. પરંતુ એવું બનતું નથી. ઉનાળાની ગરમીમાં જન્મદિવસની ઉજવણીના પ્રસંગે આઇસ્ક્રીમ ખાવાથી આનંદનો અનુભવ થાય છે, પરંતુ કોઇ અંગત સ્વજનના મૃત્યુ સમયે આઇસ્ક્રીમ આનંદનો અનુભવ કરાવી શકે નહિ. આ રીતે પોતાના આનંદસ્વરૂપનો અનુભવ સતત લઇ શકે તો તે મુક્ત (મોક્ષ પામેલો) છે. આથી કહી શકાય કે બંધનનું મૂળ ઇચ્છા છે અને ઇચ્છાના મૂળમાં એવો ભ્રમ છે કે 'આનંદ વિષયોમાં છે.'

જેવી રીતે માણસને ઇન્દ્રિયસુખ માણવાની ઇચ્છા થાય છે તેવી રીતે માણસને કંઇક બનવાની (To be) ઇચ્છા થાય છે જેના માટે સંસ્કૃત ભાષામાં **ભવ** શબ્દ છે. જેનો અર્થ થાય છે : થવું, બનવું. **ભવ** શબ્દ પરથી **ભવસાગર** શબ્દ બન્યો છે જે 'થવાની' કે 'બનવાની' ઇચ્છાનું ક્ષેત્ર સાગર જેટલું વિશાળ છે એમ બતાવે છે. માણસને કંઇક બનવાની ઇચ્છા થાય છે તેના મૂળમાં પણ ભ્રમ છે. કંઇક બનવાની ઇચ્છા અપૂર્ણતાના ખ્યાલમાંથી જન્મે છે. માણસ પોતાની જાતને અપૂર્ણ ગણીને તે પૂર્ણ બનવા અનેકવિધ ઇચ્છાઓ કરતો રહે છે. વાસ્તવમાં માણસ પોતાના સ્વરૂપમાં પૂર્ણ જ છે. પરંતુ તે પૂર્ણત્વનો અનુભવ લઇ શકતો નથી, કારણ કે માણસ પોતાને પરમ ચૈતન્યસ્વરૂપ નહિ પરંતુ દેહસ્વરૂપ માને છે અને દેહના ધર્મો (ગુણ—લક્ષણ) ને પોતાના (આત્માના) ધર્મો ગણે છે, જે એક ભ્રમ છે. ભવસાગરને તરી જવું એટલે 'થવાની' કે 'બનવાની' ઇચ્છાનું શમન થવું. માણસ પોતાના સ્વરૂપનો (પૂર્ણતાનો) અનુભવ લઇ શકે ત્યારે તેનામાં 'બનવાની' કે 'થવાની' ઇચ્છાનો અંત આવે છે.

આપણે જે બે પ્રકારની માણસની ઇચ્છાઓ જોઇ : (૧) ઇન્દ્રિયસુખ મેળવવાની અને (૨) કંઇક બનવાની તેની સામે ઈશ્વરની યોજનાનો વિચાર કરવો જરૂરી છે. માણસ ગમતું મેળવવાનો અને અણગમતાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે, ત્યારે ઈશ્વરની યોજના મુજબ તેને અનુભવ થાય છે કે માણસ જેને પસંદ કરે છે તે વસ્તુ કે વ્યક્તિ તેનાથી દૂર રહે છે અને જે વસ્તુ કે વ્યક્તિથી માણસ દૂર ભાગવા માંગે છે તે વસ્તુ કે વ્યક્તિ માણસ પાસે સામે ચાલીને આવે છે. આવું કરવા પાછળ ઈશ્વરની



યોજના માણસને ગમા—અણગમાની અસરમાંથી મુક્ત કરવાની છે, જે તેના બંધનનું કારણ છે. એ જ રીતે માણસ કંઇક બનવાની ઇચ્છા કરે છે. તેની સામે ઈશ્વરે માણસને અમર્યાદ ઇચ્છા અને તેની પૂર્તિ માટે મર્યાદિત શક્તિ આપી છે. આમ ઇચ્છા અને પૂર્તિ માટેની શક્તિમાં બહુ મોટો તફાવત રાખ્યો છે. વળી જે વસ્તુ કે વ્યક્તિની પ્રાપ્તિની અવિરત આતુરતાથી લાંબા સમય સુધી માણસે ઝંખના કરી હોય, તે વસ્તુ કે વ્યક્તિ પ્રાપ્ત થતાંની સાથે તેનાથી થનારો કાલ્પનિક આનંદ ચાલી જાય છે અને તેનાથી વધુ મૂલ્યવાન કહેવાતી વસ્તુ કે વ્યક્તિને પ્રાપ્ત કરવાની ઝંખના માણસ કરવા લાગે છે. આમ માણસ વસ્તુ કે વ્યક્તિપર માલિકીભાવથી આનંદ મેળવવાની કોશીશ કરે છે, પરંતુ તે વસ્તુ કે વ્યક્તિ તેનાથી દૂર હોય કે તેની થઇને રહી હોય—માણસને આનંદ આપી શકતી નથી. આ દિશામાં માણસના આનંદ મેળવવાના તેમ જ પૂર્ણત્વનો અનુભવ લેવાના પ્રયત્નો નિષ્ફળ જાય છે. આમ કરવા પાછળ ઈશ્વરની યોજના એવી છે કે તે માણસને ફળપ્રાપ્તિ માટે નહિ, પરંતુ કર્તવ્ય અંગેની સભાનતા કેળવવાનું અને તે માટે પ્રયત્ન કરવાનું શીખવાડવા માંગે છે. કોઇ પણ પ્રકારની ભૌતિક સિદ્ધિ માટે નહિ, પરંતુ જીવનવિકાસ માટે માણસ સભાન પ્રયત્ન કરે એ ઈશ્વરદ્વારા ઇચ્છિત છે. ઈશ્વરની આ ઇચ્છાના મૂળમાં ભ્રમ નહિ, પરંતુ માનવ પ્રત્યેનો પ્રેમમાત્ર છે. જીવનવિકાસના અર્થ તરીકે આપણે એવું કહી શકીએ કે માણસ ઈશ્વરની નજીક જવાનો પ્રયત્ન કરીને ઈશ્વર સાથે તાદાત્મ્ય (Identification) નો અનુભવ લે. કારણ કે ઈશ્વરમાં કોઇ અપૂર્ણતા નથી.

# પહેલાં સમજીએ પછી સમજાવીએ

**મહાત્મા યોગેશ્વરજી**

બ્રહ્મસૂત્રનું પ્રથમ જ સૂત્ર બતાવે છે કે માણસે જિજ્ઞાસા-વૃત્તિથી સંપન્ન થવું અને જિજ્ઞાસાવૃત્તિને શાંત કરવાને માટે વિચારશક્તિનો આધાર લેવો. તે વિચારશક્તિ તેને સદ્‌ગુરુ પાસેથી પ્રાપ્ત થઇ હોય અથવા તો પૂર્વજન્મના પરિપાક સ્વરૂપે સ્વતઃ સાંપડી હોય. આરંભમાં જ્ઞાનની પ્રાપ્તિને માટે એટલે બૌદ્ધિક જ્ઞાનની પ્રાપ્તિને માટે સદ્‌ગુરુના શ્રીચરણોમાં બેસવારૂપી કર્મ, સદ્‌ગુરુના સ્વાનુભવના આધારથી અપાતા ઉપદેશોના શ્રવણરૂપી કર્મ, આત્મવિચારરૂપી કર્મ, શાસ્ત્રોના અધ્યયનરૂપી કર્મ કરવું જ પડે, અને તે કર્મ જ્યારે શાંત થઇ જાય, તે કર્મદ્વારા જ્યારે નિશ્ચય થઇ જાય, આત્મજ્ઞાનની અંદર, સ્વરૂપની અંદર પરમાત્માની ઉપસ્થિતિની અંદર, તો પછીથી તે પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનું કાર્ય બાકી રહે. અને પોતે સ્વતઃ ચિંતન—મનન કરે આત્મા વિશેનું, અને એ પ્રક્રિયાને આગળ વધારે તે પછી ચિંતન જ્યારે નિશ્ચયાત્મક તબક્કા પર પહોંચી જાય અને માનવને બરાબર સમજાઇ જાય કે અંદર જે જીવન નામની કોઇ વસ્તુ છે, જે અસ્મિતાવૃત્તિ છે, જે ચેતના સત્તા છે—એ ચેતન સત્તા આપણી પોતાની અંદર છે. આવો જ્યારે શંકારહિત વિશ્વાસ થઇ જાય ત્યારે પછીથી તે ચૈતન્ય સત્તાનું દર્શન કરવા માટે, તે અસ્મિતાને શાંત કરવા માટે અને સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મામાં પ્રવેશવાને માટે પણ માનવે કર્મ તો કરવું જ પડે છે.

આખીયે ભારતીય સંસ્કૃતિ વૈજ્ઞાનિક છે. રેશનલ એપ્રોચ-



વાળી, બુદ્ધિવાદી છે. બુદ્ધિથી સમજાવી શકીએ તેવી આ સંસ્કૃતિ. આપણે બુદ્ધિનું જ જો અપમાન કરીએ તો કદી પણ આપણા શિક્ષિત માનવો આપણા ધર્મપ્રત્યે રુચિ નહિ રાખી શકે. માટે સમજી જવું જોઇશે. જેમ જેમ શિક્ષણ આગળ વધતું જાય છે, જેમ જેમ વિચારો આગળ ચાલતા જાય છે. જેમ જેમ વિજ્ઞાનના સંશોધનો પણ આગળ વધતાં જાય છે, તેમ તેમ માનવનું મન પ્રશ્ન પૂછનારું થતું જાય છે. પૂછે તેનું સ્વાગત કરીએ. સારું છે. અને જાણે પછી જે શ્રદ્ધા પેદા થશે ને એ શ્રદ્ધા કદી પણ જશે નહિ. નથી જાણ્યું ત્યાંસુધીની લાદેલી શ્રદ્ધા કોઇ પણ દિવસ બળવાન બની શકે નહિ. ચિરસ્થાયી થઇ શકે નહિ. એટલે જેટલું પણ બુદ્ધિથી આપણે સમજાવી શકીએ તેટલું પહેલાં આપણે પોતે સમજી લેવું જોઇએ અને પછી બીજાને સમજાવવા માટે તૈયાર થવું જોઇએ.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : **૨૩૨૨૮૨૩૧**

# પ્રેરક પ્રસંગો

**સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ એમ.**

એક વખત શ્રી દિલીપકુમાર રાય દક્ષિણભારતમાં મેંગલોર પાસે આવેલ કન્હાનગઢમાં આવેલ પપા રામદાસનાં 'આનંદા-શ્રમ'માં અઠવાડિયું રહ્યા હતા. અઠવાડિયા દરમ્યાન શ્રીરાયે પપા રામેદાસને અનેક પ્રશ્નો પૂછી આધ્યાત્મિક ક્ષેત્રે સારો એવો લાભ લીધો હતો. પપા રામદાસ શ્રીકૃષ્ણને રામ કહેતા. શ્રી દિલીપ-કુમાર રાયનાં 'કૃષ્ણનાં દર્શન કેવી રીતે થાય?' પ્રશ્નનાં ઉત્તરમાં નીચે મુજબ ખુલાસો કર્યો.

'કૃષ્ણનાં દર્શન કૃષ્ણ પાછળ પાગલ થવાથી થાય. બીજી ચીજોને પણ ચાહો અને કૃષ્ણને પણ ચાહો એમ નહિ, પણ બીજી તમામ ચીજોને બાજુએ મૂકી કૃષ્ણને ચાહો! એને જ તમારું લક્ષ્ય બનાવો. પહેલું અને છેલ્લું! અને બીજું બધું એની પાછળ. (પૂ. ગુરુ શ્રી યોગેશ્વરજી તેમનાં પ્રવચનો, દરમ્યાન વારંવાર જેનો ઉલ્લેખ કરતા હતાં તે સંપૂર્ણ શરણાગતિનો સ્વીકાર). (હે પ્રભુ! પરમકૃપાળુ નાથ, હું તારો દાસ છું. મારે ફક્ત તારો જ આશરો છે. તું જેમ રમાડીશ તેમ રમીશ. દુન્યવી તખ્તા ઉપર તારી ઈચ્છા-મુજબ પાત્ર ભજવીશ પરંતુ હર ક્ષણે મારું ચિત્ત તારામાં જ ચોંટેલું રહેશે.) આવી જ શરણાગતિનો સ્વીકાર કરવાનું શ્રીરામદાસ સ્વામી શ્રી દિલીપકુમાર રાયને દૃષ્ટાંત આપી સમજાવે છે.'

એક માણસને ગાડી પકડવી છે. માર માર કરતો એ સ્ટેશન તરફ દોડે છે, ત્યાં રસ્તામાં એને એક દોસ્ત મળે છે. 'દોસ્ત કહે છે. જરી ઊભા રહો, વાત કરવી છે.' પણ એ કહે છે. 'ના,



માફ કરો! મને મોડું થાય છે! પછી મળીશ' આટલું પણ એ દોડતાં દોડતાં જ બોલે છે. આવી જ રીતે કૃષ્ણ માટે પણ આપણે દોડવું જોઈએ અને કહેવું જોઈએ. 'પહેલો એ. પહેલો એને મળું બીજું બધું પછી થશે! આમ જો તમારી વ્યાકુળતા તમારી બીજી બધી ઈચ્છાઓ કરતાં જોરદાર હશે તો, તમે ખાતરી, રાખજો, પે...લા ખૂણામાં એ તમારી રાહ જોતો જ ઊભો હશે!'

(અગાઉ 'અધ્યાત્મ' માસિકમાં, શ્રી રામકૃષ્ણદેવની મા જગદંબાનાં દર્શનની આવી જ તાલાવેલી, પ્રબળ ઉત્કંઠાનો ઉલ્લેખ કરેલ છે. શ્રી રામકૃષ્ણદેવ કાલી મંદિરમાં મા શ્યામા સામે ઊભા રહી કરગરે છે. 'મા, ખરેખર તું છે કે નહિ? જો સાચે જ તું હો તો મને દર્શન આપવામાં વિલંબ શા માટે કરે છે? હું તારા દર્શન કર્યા વગર વધુ સમય માટે રાહ જોઈ શકું તેમ નથી. એમ કહી મંદિરનાં ગર્ભદ્વારમાં રહેલી ચકચકિત તલવાર લઈ પોતાનું મસ્તક કાપી નાંખવા સુધી તૈયાર થઈ જાય છે અને તે જ ક્ષણે મા, શ્યામા પ્રગટ થઈ શ્રી રામકૃષ્ણદેવનો હાથ પકડી લે છે.')

**શ્રીકૃષ્ણે દર્શન દીધાં ત્યારે રામદાસે શું કહ્યું?**

શ્રી રામદાસ મારી નાની ઓરડીમાં મને મળવા આવતા, (શ્રી દિલીપકુમાર રાયને) અને મિત્રની પેઠે સાદડી ઉપર મારી જોડે જ બેસી જતાં, અને મોં પર આનંદ ઉલ્લાસ સાથે કૃષ્ણની જ વાતો કર્યે જતા. વાત કરતાં જે હસે, જે હસે!

એ કહેતા. પણ રામનાં કેવળ દર્શનથી સંતોષ નહિ માનતા! એનાં દર્શન થાય એટલું બસ નથી, રામે જ્યારે પહેલીવાર રામદાસને દર્શન દીધાં, અને હાથમાં બંસી લઈ ચારે તરફ નાચવા લાગ્યા, ત્યારે રામદાસે એમને આવું જ કહ્યું હતું.

રામદાસ કહે, 'નહિ પ્રભુ, તમે મને આમ પટાવો એ નહિ ચાલે! રામદાસને પાછો અંધારામાં નાંખી, તમે પાછા અદૃશ્ય થઈ જાઓ એ નહિ ચાલે!'

**સવાલો ને સવાલોના જવાબો પણ રામે જ લખાવ્યા!**

રામનું નામ લઈ રામદાસ સાધુ થયો ત્યાર બાદ થોડાં વરસ પછીની આ વાત છે. તે વખતે એ એક ટેકરી પર નાની ઝૂંપડીમાં રહેતો હતો. એવામાં એક રાતે એક બુદ્ધિશાળી માણસ એને શોધતો શોધતો ત્યાં આવી પહોંચ્યો. એના મનમાં કેટલાયે પ્રશ્નો ઊભરાતા હતા, અને એના એને સંતોષકારક જવાબો જોઈતા હતા! ભક્તોને સાક્ષીના પાંજરામાં ખડા કરી આવી રીતે સવાલો પૂછનારાઓથી રામદાસ ખૂબ ડરતો હતો. એવાઓની સાથે કેવી રીતે કામ લેવું તેવી એને ખબર નહોતી. તેથી એણે કંઈ બહાનું કાઢી તત્કાળ તો એ મિત્રને પાછા કાઢ્યા, અને ચર્ચા મુલતવી રખાવી. પરંતુ ભૂત હજી માથાપર હતું, તેથી રામદાસે એના એકમાત્ર તારણહાર રામનું શરણું લીધું. અને નવાઈની વાત એ બની કે અડધી રાતે રામે પોતે કેટલાક પ્રશ્નો ઊભા કર્યા, અને પોતે એક પછી એક એના જવાબો પણ આપ્યા! આમાં અજબ જેવું તો એ હતું કે સવાલો જાણે રામદાસ પોતે કોઈની વતી પૂછતો હતો. રામદાસે આ સવાલો અને એના જવાબો લખી દીધા. અને બીજે દિવસે જ્યારે પેલા સજ્જન એમના સવાલો લઈને આવ્યા, ત્યારે તેમને એ દેખાડ્યા. જોતાં જ એ ચમકીને બોલી ઊઠ્યા. 'અરે, આ શું? તમને પૂછવા જે સવાલો લઈને આવ્યો છું તે આ જ સવાલો છે!' પછી તેમણે મને એમની ચોપડી 'શ્રી પ્રભુ ચરણે' બતાવી.

o



# સાધકના જીવનમાં આત્મચૈતન્યનો ઉદય

**યશસ્વીભાઈ ય. મહેતા**

દુનિયાના બધા મહાન ધર્મોમાં આધ્યાત્મિક જાગૃતિની ઘટના જોવા મળે છે. પોતાના આત્મવિકાસની સાધનામાં મગ્ન સાધકની આકાંક્ષા—એક નવી ભૂખ—નો ઉદય થાય છે. હવે તેને સંસારના નશ્વર વિષયસુખો, વિષયભોગોમાં રસ રહેતો નથી. પ્રારબ્ધવશ તે બધું તેને આવી મળે તો ય તેનાથી તેને સંતૃપ્તિ થતી નથી. હવે તેને શાશ્વત આનંદ અને અનંતતત્ત્વને સાક્ષાત્ કરવાની ઉત્કંઠા, વ્યાકુળતા ને તલપ જાગે છે. તેના અતૃપ્ત આત્માને તે જ પોષણ પૂરું પાડી શકશે તેવી પ્રતીતિ તેને થાય છે. આ હકીકત આપણે એક કે બીજા રૂપમાં હિન્દુ ઋષિઓમાં, બૌદ્ધદૃષ્ટાઓમાં, ખ્રિસ્તી સંતોમાં કે મુસ્લિમ સૂફી મહાત્માઓમાં જોઈએ છીએ. તેઓ બધા ભૌતિક સુખો કે બૌદ્ધિક આનંદોની ઈચ્છાઓ રાખતા નથી અને પૂરા અંતઃકરણપૂર્વક પૂર્ણત્વ અને મુક્તિ ઝંખે છે, પછી ભલે અનેક રીતે તેમની સાધનાઓમાં વિવિધ તફાવત હોય!

મનુષ્યના જીવનમાં સાંસારિક આસક્તિઓમાંથી, રાગદ્વેષમાંથી ઊંચે ઊઠવાની, જુદા જુદા માર્ગો સામે પડ્યા હોય તેમાંથી આધ્યાત્મિક માર્ગે જવાની સ્ફુરણા એકાએક જાગ્રત થાય કે ક્રમશઃ તેની જાણ બહાર અંતરમાં આવું પરિવર્તન ચૂપચાપ આવતું હોય—એકવાર તે નવી દિશાનો ઝાંખો પ્રકાશ પણ દૃષ્ટિગોચર થાય પછી તેને પરોઢનાં પગલાં ભરીને જૂના રાગદ્વેષથી ભરેલા સાંસારિક કળણમાં પગ મૂકવાની ઈચ્છા થતી

નથી. તે પ્રાચીન ઋષિઓએ ગાયેલી પ્રાર્થના પ્રભુને ઉદ્દેશીને કરે છે : હે પ્રિયતમ, અજ્ઞાની મનુષ્ય જે દૃઢ આસક્તિપૂર્વક સાંસારિક પદાર્થો કે વ્યક્તિઓની પ્રાપ્તિ માટે ઝંખે છે તેવી જ દૃઢ રાગભક્તિ આપના શ્રીચરણોમાં મને પ્રાપ્ત થાઓ.

આવા આધ્યાત્મિક માર્ગના નૂતન પ્રવાસીઓની દૃષ્ટિમાં જે પરિવર્તન આવે છે તેનાથી તેને સંસારનું જ નહિ તેની પોતાની જાત પ્રત્યેનું સુદ્ધાં નવું દૃષ્ટિબિંદુ, નવો દૃષ્ટિકોણ સાંપડે છે. સાંસારિક મનુષ્ય પોતાને શરીર માનીને તેના હાડકોડ પૂરા કરવામાં તેને વિવિધ વિષયભોગોનાં સુખનો આસ્વાદ કરાવવામાં વ્યસ્ત રહે છે. આધ્યાત્મિક માર્ગનો પ્રવાસી પોતાને નશ્વર શરીરમાં વસતો શાશ્વત આત્મા માને છે અને જે અદ્વૈત પરમ-તત્ત્વ, પરમાત્મા છે તેને કે દ્વૈતમાર્ગના પ્રવાસી ભક્તનો જે ભગવાન છે તેના દર્શન કરવા, તેને સાક્ષાત કરવા તલસે છે. રામકૃષ્ણદેવ કહે છે કોઇ પણ માર્ગે સાધકને જવું હોય તે માર્ગે ભલે જાય. સહૃદયતાપૂર્વક એક જ ધર્મસાધનાને વળગી રહેનારને બે નહિ એક જ પરમસત્યનો સાક્ષાત્કાર થાય છે.

## શાશ્વત આત્મચૈતન્ય

આધ્યાત્મિક જીવનયાત્રામાં કે સાધનામાં આત્માના અવિનાશી અને શાશ્વત સ્વરૂપમાં વિશ્વાસ, શ્રદ્ધા અત્યંત મહત્ત્વનાં ગણવામાં આવે છે. ઇન્દ્રિયજન્ય અનુભવ ઉપર જ આધારિત વિજ્ઞાનશાસ્ત્રો પદાર્થોના સ્થૂળ પૃથક્કરણ દ્વારા તેમના ગુણ—દોષોનું સંશોધન કરે છે. માત્ર સૈદ્ધાન્તિક વાતોથી તેમને સંતોષ થતો નથી. પરંતુ આજીવન, આત્મ—ચૈતન્યનું પૃથક્કરણ ઇન્દ્રિયો, મન કે બુદ્ધિદ્વારા થઇ શકતું નથી એટલે આ ભૌતિકવિજ્ઞાનશાસ્ત્રો તેના સ્વરૂપને સમજાવી શકતાં નથી કે તેનો



અનુભવ પણ કરાવી શકતાં નથી. જૈવશાસ્ત્ર (Biology) પ્રતિપાદિત કરે છે તે મુજબ આ શરીર, નિઃશંકપણે, જડ પદાર્થ અને આત્મચૈતન્યનું સંઘટન છે, પરંતુ જે જડપદાર્થદ્વારા આ આત્મચૈતન્ય પોતાનો આવિર્ભાવ કરે છે તે તેના કરતાં તદ્દન સ્વતંત્ર ને ભિન્ન છે. ઓલિવર લોજે અત્યંત વિશદતાપૂર્વક ભાષામાં વ્યક્ત કર્યું છે તેમ, એક વહાણ ઉપરથી તોપના ગોળા છોડવામાં આવે છે તે ઉર્જાના દૃષ્ટિકોણથી તો સમજી કે સમજાવી શકાય છે પરંતુ જેની સામે તે છોડવામાં આવે છે તે મિત્ર છે કે દુશ્મન તેનો નિર્ણય જેની દ્વારા થાય છે તે ચૈતન્ય—શક્તિના સ્વરૂપને એટલી સરલતાથી સમજી કે સમજાવી શકાતું નથી. આગ અથવા ચક્રવાતની વક્રતાઓની આઝાદી લાપ્લેસના સિદ્ધાંત અનુસાર પવનની ગતિ, પરમાણુઓની ગતિવિધિ અને આરંભકાળની સ્થિતિ વગેરે હકીકતોના આધારે કરી શકાય છે. પરંતુ કોઇ પણ વૈજ્ઞાનિક ગણિતશાસ્ત્રી આપણા ઘરમાં ઉડતી સામાન્ય માખીની ઉડ્ડયન વર્તુલોની કક્ષાઓની ગણત્રી કરી શકતા નથી. પદાર્થવિજ્ઞાનના નિયમોની વચ્ચે આત્મચૈતન્ય કંઈક ગણત્રી કરી ન શકાય તેવું તથા ઉદ્દેશપૂર્ણ તત્ત્વને નિર્દેશે છે. આમ તે આ નિયમોને સમજાવવા માટે જરૂરી પાદપૂર્તિ કરી આપે છે. પરંતુ અન્યથા તે આ નિયમોને જેમના તેમ રહેવા દે છે અને તેમનું પાલન પણ કરે છે. કેટલાક આધુનિક જૈવવિજ્ઞાન શાસ્ત્રીઓ (Biologists) એટલી હદ સુધી કહે છે કે જે રીતે લીવરમાંથી પિત્ત ઝરે છે કે નિર્માણ થાય છે તે જ રીતે મનુષ્યનાં મગજમાંથી વિચાર ઝરે છે (Secretes) તેમના મતે, આમ મન એ પદાર્થનું (matter) જ રૂપાંતર છે એ ભૂલાવું ન જોઇએ કે કેટલાક આધુનિક વૈજ્ઞાનિકોના મનમાં પદાર્થના બંધારણ વિષેના ખ્યાલોમાં નવી

ઉત્ક્રાંતિ થઇ રહી છે. સર જેમ્સ જીન્સ જેવા મહાન વૈજ્ઞાનિક તથા ખગોળશાસ્ત્રી એવા તારણ ઉપર આવ્યા છે કે આ સમગ્ર બ્રહ્માંડ એક મહાન સ્થૂળ યંત્ર કરતાં વધુ તો એક મહાન સૂક્ષ્મ વિચાર તરીકે અભિવ્યક્ત કે પ્રતીત થતું દેખાય છે. પદાર્થના ક્ષેત્રમાં મન કોઇ આકસ્મિક (accidental) ક્ષેપક (intruder) તત્ત્વ નથી. અમને લાગવા માંડ્યું છે કે મન પદાર્થ—સામ્રાજ્યનું શાસનકર્તા અને સર્જક છે. અલ્બત્ત, આ આપણા વ્યષ્ટિ—મનની વાત નથી. પરંતુ તે સમષ્ટિ—મનની વાત છે કે જેમાં અણુઓ, પરમાણુઓનું નિર્માણ આપણા મનના વિચારોરૂપે અભિવ્યક્ત થઇ રહ્યાં છે.

અને તત્કાલિન માટે જે કંઇ સત્ય, સાચું છે એમ માણસ માની લે છે તે તેના પૂરા અસ્તિત્વને, આત્માને—વિચારોને, લાગણીઓને, ઈચ્છાશક્તિને પ્રભાવિત કરે છે. અને તેમને બહાર ખેંચી લાવે છે. ભૌતિકવાદીને મન આ પદાર્થોથી સભર દુનિયા એક પ્રથમ ક્રમની સચ્ચાઇ છે. પરંતુ સત્યની શોધ માટે જ ખરેખર જન્મેલા મનુષ્યના જીવનમાં આત્મચૈતન્યને પ્રભાવ અંતરમાં અવતરિત થાય છે ત્યારે તેને સ્થૂળ પદાર્થોથી ભરેલા જગત કરતાં વધુ ઉચ્ચ એવું જગત વિદ્યમાન છે તેની સચ્ચાઇ વધુ નક્કર લાગવા માંડે છે. પોતાના જ શરીર અને મનની સત્યતા વિષે તેને શંકા, પ્રશ્ન થાય છે, અને અંતર—સ્ફૂરણાદ્વારા આત્મા અને પરમાત્માને વધુ ખરા તત્ત્વો છે તેવું તેને લાગવા માંડે છે. હવે પ્રત્યેક વસ્તુ, પરિસ્થિતિ, ઘટના પ્રતિ તેના મનોભાવોમાં, તેના પોતાના સ્વભાવમાં ને દૃષ્ટિકોણમાં નવા પરિવર્તનનો ઉદય થાય છે.

ભગવદ્‌ગીતામાં (૨/૨૦) શ્રીકૃષ્ણ અર્જુને કહે છે : આ



આત્મા કોઇ પણ કાળે જન્મતો નથી તેમ મરતો પણ નથી. તે જે છે તે કદિ ન થવાનો નથી કેમ કે એ અજન્મા, નિત્ય, શાશ્વત અને સનાતન છે. શરીરનો નાશ થવાથી તેનો નાશ થતો નથી. એટલે આત્મજ્ઞ પુરુષને મૃત્યુનો ભય રહેતો નથી, કેમ કે પોતાના સત્ય આત્મ—સ્વરૂપનો સાક્ષાત્કાર થતાં તે અમર બને છે. ગીતા (૨/૩૦) કહે છે : આ આત્મા બધાના શરીરમાં સદા અવધ્ય છે. એટલે સમસ્ત ભૂતપ્રાણીઓનો નાશ થાય તોપણ તે અંગે કોઇ પણ શોક કરવાની જરૂર નથી. આગળ (૨/૪૮) માં કહે છે કે બધી મનોગત આસક્તિને સંપૂર્ણપણે ત્યાગીને સિદ્ધિ—અસિદ્ધિમાં સમત્વ બુદ્ધિ રાખીને બધાં કર્મો કર. આ સમત્વ પ્રાપ્તિ એ જ યોગ છે.

**(સ્વામી યતીશ્વરાનંદકૃત આધાર**—Divine Life)

**યોગેશ્વરજી**

**ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

# કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# શ્રી સદ્‌ગુરુની કૃપાવર્ષા

પ્રવીણભાઈ શર્મા

**गुरोः कृपाप्रसादेन आत्मारामं निरीक्षयेत्।**
**अनेन गुरुमार्गेण स्वात्मज्ञानं प्रवर्तते॥**

શ્રીગુરુના કૃપાપ્રસાદથી આત્મદર્શન કરો, આત્મજ્ઞાન મેળવવાનું સાધન આ ગુરુમાર્ગ જ છે.

શ્રીગુરુ કેટલીકવાર ફરવા નીકળે ત્યારે ભક્તો સાથે ગમ્મત કરે, આનંદવાર્તા કરે અને એ દ્વારા ભક્તને સમજાવી પણ દે કે પ્રારબ્ધ ભોગવ્યે છૂટકો.

એકવાર એક ભક્ત સાથે ફરવા નીકળ્યા. રસ્તામાં પેલા ભક્તે પોતાના શરીરમાં જે વા હતો તે દૂર કરવા પ્રાર્થના કરી. મહારાજશ્રીએ કહ્યું, ‘‘ભાઈ, આ વા તો પ્રભુએ મોકલ્યો છે!’’ ભક્તે કહ્યું, ‘‘ભગવાન, બહુ સારું. ભગવાનને ઘર નહીં એટલે એ બિચારો રહે પણ ક્યાં? ભલે મારે ત્યાં આવ્યો છે તો સુખેથી રહેશે!’’

પછી પોતે થોભ્યા અને કહે, ‘‘અહીંની એક વનસ્પતિ મને કહે છે કે જો મને કોઈ પોતાના શરીરે લગાડે તો તેનો વા મટી જાય.’’ ભક્તે કહ્યું, ‘‘મેં તો કશું સાંભળ્યું નહીં.’’ શ્રીગુરુ કહે કે તે બહુ ધીમેથી બોલતી હતી. પછી પોતે બોલ્યા, ‘‘લાવો, અજમાવી જોઈએ. ખાતરી તો કરીએ.’’ આમ બોલી પોતે તે વનસ્પતિ લાવી ભક્તને શરીરે ઘસવા લાગ્યા. પછી પૂછે, ‘‘કેમ ફાયદો લાગે છે?’’ ભક્ત કહે છે, ‘‘જરા પણ નહીં.’’ પછી બીજીવાર, ત્રીજીવાર એમ કરે છે પણ ભક્તને કશો ફાયદો લાગ્યો નહીં. પછી તેઓશ્રી બોલ્યા, ‘‘તો તમારો વા મટે એમ



નથી!’’ ભક્તે કહ્યું, ‘‘મારે ક્યાં મટાડવો છે? આપે કહ્યું છે કે તે પ્રભુએ મોકલ્યો છે! તો મારે તેને કાઢી મૂકવાની શી જરૂર? ભલે બિચારો રહે!’’ આ સાંભળી શ્રીગુરુ હસી પડ્યા અને બોલ્યા, ધન્ય છે!’’

**ઋણાનુબંધ પૂરો કર્યો :**

શ્રીગુરુ એક ભક્તને ત્યાં પધારે છે. ત્યાં એક ફોટો જુએ છે. એ ફોટો ભક્તના મિત્રનો છે. ભક્ત કહે છે કે તે મિત્ર અત્યારે વિદેશમાં છે પણ થોડા દિવસોમાં સ્વદેશ આવશે. શ્રીગુરુએ તે મિત્ર અત્યારે શું કરી રહ્યો છે, ક્યાં છે—વગેરેનું વર્ણન કર્યું! પછી બોલ્યા કે મિત્ર દેશમાં પાછા આવે ત્યારે મંજુસર લાવજો. ભક્તે પેલા મિત્રને કાગળ લખ્યો તેમાં ગુરુમહારાજનો પરિચય આપ્યો અને તેઓશ્રીએ અહીં બેઠા બેઠા જે વર્ણન કરેલું તે લખ્યું. હવે તે મિત્રને મંજુસરનું આકર્ષણ થયું! ગુરુમહારાજને મળવાની બહુ ઈચ્છા થઈ! સ્વદેશમાં આવી તરત જ મંજુસર જઈ ગુરુમહારાજનાં દર્શન કરે છે. હવે એવું બન્યું કે તેની નોકરી પણ છૂટી ગઈ! સગાંસંબંધીઓ પરની આસક્તિ ઓછી થઈ. ગુરુમહારાજની આજ્ઞા લઈ મંજુસરમાં તેઓશ્રીની પાસે જ, સાથે જ રહેવાનો સંકલ્પ કર્યો! ગુરુમહારાજનો પણ એના પ્રત્યે ખૂબ ભાવ! એના આવતાં પહેલાં પોતે જ ઓરડો તેને માટે સાફ કરવા લાગ્યા! બધાંએ પૂછ્યું, ‘‘આ બધું શું છે?’’ તો કહે, ‘‘મારો ભાઈ આવવાનો છે તેની આ બધી તૈયારી છે.’’ પૂર્વના પુણ્યયોગે શ્રીગુરુએ પોતાની પાસે બોલાવી લીધો. મહારાજશ્રીની સંનિધિમાં ધ્યાન, ભજન, ચિંતન ઈત્યાદિ કરે. શ્રીગુરુ મહારાજની સાથે હરેફરે, ભોજન કરે, ફરવા જાય. હંમેશા તેઓશ્રીની સાથે ને

સાથે! તેઓશ્રીએ તેને યાત્રા પણ કરાવી દીધી! હવે તે બીમાર પડ્યો. માંદગી વધી, પૂછ્યું કે ઘરે જવું છે? તો કહે છે, "મારે વળી બીજું ઘર કેવું? મારું તો આ જ ઘર છે." થોડા જ દિવસમાં ગુરુ-મહારાજની સંનિધિમાં જ તેણે શરીર ત્યાગ કર્યો! તેઓશ્રીએ પોતે તેની નનામી ઊંચકી સ્વહસતે તેનો અગ્નિસંસ્કાર કર્યો! ગુરુ-મહારાજે પૂર્વનો ઋણાનુબંધ પૂરો કર્યો! ધન્ય છે એ પુણ્યાત્માને જેને સદ્ગુરુએ જાણે કે હાથ પકડી સીધો સ્વધામ પહોંચાડ્યો!

**પાંચના પચાસ :**

ગુરુમહારાજના એક પરમ શિષ્ય છે. તેમના પુત્રે કોલેજના પ્રથમ વર્ષની પરીક્ષા આપી છે, પરંતુ એક વિષયમાં ફક્ત પાંચ માર્ક ભાગ્યે જ આવે છે! તેણે પાસે થવાની આશા છોડી દીધી છે. પિતાની આર્થિક સ્થિતિ નબળી છે તેથી પિતા ચિંતામાં પડી જાય છે. મંજુસર જઇ શ્રીગુરુમહારાજને સાહાય્ય કરવા દીનભાવે પ્રાર્થના કરે છે. ગુરુમહારાજ કહે છે, "હવે હું શું કરું? પેપર તો બધા અપાઇ ગયાં! પહેલાં કહ્યું હોત તો કંઇ કરત." આ સાંભળી પેલા ભક્ત નિરાશ થાય છે. પોતાને ઘેર જાય છે. ચિંતામગ્ન રહે છે. ભક્તની ચિંતા એ ભગવાનની ચિંતા. ભગવાનને પણ જંપ નથી વળતો. ભગવાનની દિવ્ય શક્તિ કામે લાગે છે! પોતે ભક્તને ઘેર દર્શન આપે છે. અંતે કહે છે. "**उठो, क्यों बैठ रहे हो? पेपर लिखा गया! अभी क्यों फिक्र करता है?**" "બસ, શ્રીગુરુના આ શબ્દો સાંભળતાં જ ભક્તને હિંમત આવી જાય છે. ચિંતા દૂર થાય છે. પરીક્ષાનું પરિણામ બહાર પડે છે. પુત્ર પરીક્ષામાં પાસ થાય છે! જેણે માંડ પાંચની આશા રાખેલી તે પચાસ માર્ક મેળવે છે! આનું નામ ગુરુકૃપા!"



**વરસાદ માટે તપશ્ચર્યા :**

એકવાર મંજુસરમાં વરસાદનું ટીપું ન પડે! ઢોરઢાંખર, પંખીઓ, માણસો બધાં પાણી વગર ત્રાહિમામ્, ત્રાહિમામ્ કરવા લાગ્યાં. લોકોએ ગુરુદેવને આવી પ્રાર્થના કરી, "ભગવાન, દયા કરી વરસાદને મોકલો, નહીં તો મોટી આપત્તિ આવશે." તેઓશ્રીએ કહ્યું, "લોકોના પ્રારબ્ધ નથી તેમાં હું શું કરું?" આમ કહ્યું તો ખરું, પરંતુ બીજે દિવસથી તેઓશ્રી ઊભા રહીને માળા ફેરવતા જોવામાં આવ્યા! થોડા દિવસ આ ક્રમ ચાલુ રહ્યો. ભક્તોએ જ્યારે આ સંબંધમાં પૂછ્યું ત્યારે તેઓશ્રી બોલ્યા, "વરસાદ વિના લોકો દુઃખી થાય છે તો શું કરીએ?" આ વાત પછી થોડા જ દિવસમાં મંજુસર તથા આજુબાજુનાં ગામોમાં મેઘરાજાની સવારી થઇ! સર્વત્ર આનંદ વ્યાપી ગયો! કહેવાય છે કે આ પ્રસંગ પછી શ્રીગુરુના જીવનકાળ દરમ્યાન કદી મંજુ-સરમાં વરસાદની તકલીફ પડી નથી. દુકાળ પડ્યો નહીં, પરંતુ લોકો ઉત્તરોત્તર સુખી થયા. સંતની તપશ્ચર્યા તો ફળે જ ને?

કોરલથી એક ભાઇ મંજુસર મહારાજશ્રીનાં દર્શને આવ્યા. કોરલના સિદ્ધ મહાત્મા તેના ગુરુ હતા. પોતાના ગુરુના દેહ ત્યાગ પછી તેઓ મંજુસર આવ્યા. તેને જોતાં જ શ્રીગુરુએ તેના ગુરુનું રૂપ ધારણ કરી આંખો ફાડી 'ભેરવ, ભેરવ' બૂમ પાડી પૂછ્યું, "મેં તને અગાસીમાં પથ્થર જડવાનું કહ્યું'તું તે ક્યારે જડાવશે?" ગુરુના દેહવિલય પછી આ માટે બેદરકાર રહેનાર ભક્તને ગુરુના સત્તાવાહી અવાજે એ જ ભાષામાં, શબ્દોમાં ઠપકો મળ્યો તે સાંભળી તે એકદમ આશ્ચર્યમાં પડી ગયો. ગુરુની ક્ષમા માગી, અધૂરું કામ પૂરું કરાવી વચન પાળ્યું.

એક સાંજે શ્રીગુરુ ફરવા નીકળ્યા. ગામને ભાગોળે એક નાનો છોકરો પોતાના ભાગતા બળદને પકડવા દોડતો હતો. બળદ પાછળ કૂતરો ભસતો હોવાથી બળદ વધુ ઝડપે ભાગવા લાગ્યો. છોકરાને દોડતો અને હાંફતો જોઇ શ્રીગુરુને દયા આવી. તેઓશ્રીએ કૂતરાને હુકમ કર્યો, ''અહીં આવ.'' તરત જ કુતરો પાછો ફર્યો. પછી બળદને આજ્ઞા કરી, ''તું પણ પાછો ફર!'' તરત જ બળદ મહારાજની પાસે આવ્યો? છોકરો તેને પકડી ઘેર લઇ ગયો. પછી તેઓશ્રીએ સ્પષ્ટતા કરી કે પૂર્વ જન્મના એકમેકના સંબંધથી પ્રાણીઓ આવો વ્યવહાર કરે છે!

**કોઈનું ઋણ ન રાખતાઃ**

સામાન્ય વ્યવહારમાં આપણે કોઇએ ઉપકાર કર્યો હોય તો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે તેના ઉપકારનો બદલો વાળી દઇએ છીએ. તદનુસાર ઈશ્વર અને સંતો પણ કોઇનું ઋણ રાખતા નથી. પરંતુ યથાસમય ચૂકવી દે છે.

શ્રીગુરુના એક શિષ્ય ભરૂચ તરફ રહે છે. વેપાર સારો ચાલે છે એટલે પૈસે ટકે સુખી. મહારાજશ્રી તેને ત્યાં પચીસ પચાસના શિષ્યવૃંદ સાથે પધારે છે. મહિનો દોઢ મહિનો તેને ત્યાં મુકામ છે. રોજ શ્રીગુરુની સંનિધિમાં આનંદમંગળ થાય, આધ્યાત્મિક વાતો થાય. બહુ જ આનંદમાં દિવસો પસાર થાય! આ સમયે તે ભક્તને દસબાર હજાર રૂપિયાનું ખર્ચ થયું હશે!

પછી તે ભક્ત સાથે પોતે મુંબઇ પધારે છે! મુંબઇ આવી શ્રીગુરુ કહે છે, ''અહીં આવ્યા છીએ તો ધંધો કરવો હોય તો કરો!'' તે ભક્તે રૂનો ધંધો કર્યો અને તેમાં તેને રૂપિયા પંદરથી વીસ હજારનો લાભ થયો! આ સંબંધમાં પોતે સ્વમુખે કહેલું,



''આપણા ગુરુમહારાજ સમર્થ પછી આપણે કોઇના ઋણમાં શીદ રહેવું?''

**पुत्रार्थी लभते पुत्रम् :**

એક બ્રાહ્મણ રસોઇ કરવા મંજુસર આવેલા. તેમને સંતાન નહોતું. એક દિવસ તેઓ બાળકોને રમાડતા હતા. મહારાજશ્રીએ આ દૃશ્ય જોયું. પાસે જઇ તેને કહ્યું, ''તમને બાળકો રમાડવાં બહુ ગમે છે ખરું ને?'' પેલા ભાઇએ કહ્યું, ''હા જી.'' મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા કે જા, તારી ઈચ્છા પૂરી થશે. ત્યાર પછી તેને ત્યાં બે પુત્રો જન્મ્યા.

**क्या पथ्थरका लडका दूँ?**

એક સદ્‌ગૃહસ્થ મહારાજશ્રીના ભક્ત હતા. તેને બે પત્નીઓ હતી છતાં બાળક નહીં. તેણે મહારાજશ્રીને કૃપા કરવા કહ્યું. તેઓશ્રીએ કહ્યું, ''**तुम्हारी किस्मत में संतान नहीं है तो मैं क्या करूँ? क्या मैं उसको पथ्थरका लडका दूँ**'' આ સાંભળી બીજા એક ભક્તે કહ્યું, ''આપની કૃપા હોય, આશીર્વાદ હોય તો બધું જ સંભવ છે.'' તેઓશ્રી આશુતોષ (જલદીથી પ્રસન્ન થાય એવા) હતા તેથી કહ્યું, ''જાઓ, **उसके यहां एक लडका होगा**'' આ પ્રસંગ પછી તે ભાઇને ત્યાં એક પુત્ર થયો.

**શિષ્યો સાથે જન્મજન્માંતરનો સંબંધ :**

સદ્‌ગુરુની પાસે કોઇ વ્યક્તિ પોતાની ઈચ્છાથી જતી નથી પરંતુ સદ્‌ગુરુ તેને પોતાની પાસે બોલાવે છે ત્યારે જ તે જાય છે. એકવાર તેઓશ્રી કેટલાક ભક્તો સાથે આબુ ગયેલા ત્યારે વાતચીત દરમ્યાન એકને તેઓશ્રીએ કહ્યું, કે તમારી સાથે હું બે જન્મથી છું, બીજાને કહ્યું કે તમારી સાથે હું ત્રણ જન્મથી છું,

વળી ત્રીજાને કહ્યું કે તમારી સાથે હું ચાર જન્મથી છું. આશ્ચર્ય તો એ છે કે એક ભક્તને તો તેઓશ્રીએ સોળ જન્મની વાતો કહી હતી.

**કલિયુગની કામધેનુ :**

એક બ્રાહ્મણ શ્રીગુરુ પાસે આવે છે, પોતાની ગરીબ સ્થિતિ સુધારવા તેઓશ્રીને પ્રાર્થના કરી. તેઓશ્રીએ તેને ગાયત્રીની રોજની અમુક માળા કરવાનું કહ્યું. પછી ઉમેર્યું, ‘‘આ પ્રમાણે નિત્ય ગાયત્રીનો જપ કરવા છતાં તમારો ઉદરનિર્વાહ ન થાય તો મારું રસોડું ઉઘાડું છે. અહીં આવી રોજ ખુશીથી જમી જજો.’’ બ્રાહ્મણ પાસે ગાયત્રીના મંત્રનું એવું અમોઘ શસ્ત્ર છે કે તેને બીજો ધંધો જ ન કરવો પડે. નોકરી માટે અત્રતત્ર ભટકવું ન પડે! પોતાનું કર્તવ્ય ન કરે અને બૂમો પાડે તેમાં વાંક કોનો? મારું અઢળક ખર્ચ નભ્યા કરે એ બધો ગાયત્રી માતાનો પ્રભાવ. એ જ કલિયુગની કામધેનુ છે, કલિયુગનું કલ્પવૃક્ષ છે.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**

મધુર કોમ્પ્લેક્ષ, શનારા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩



# બે યોગીઓની અણધારી મુલાકાત

લેખક : **પોલબ્રન્ટન**
અનુ. : **યોગેશ્વરજી**

મારા એકાંતવાસ પર આક્રમણ કરવામાં આવ્યું. પહેલ-વહેલા મુલાકાતીઓ આવી પહોંચ્યા. એમની અણધારી આકસ્મિક મુલાકાતે મને આપણા આ ભૌતિક જગતની સંકલ્પનાની પરિપૂર્ણ પ્રતીતિ પૂરી પાડી. માણસ દરિયાપારનાં પશ્ચિમી પ્રદેશોનાં ભરચક વસતિવાળાં શહેરોના રસ્તા પરથી પસાર થાય કે પછી પૂર્વના કોઈ નાનકડા ગામડાની સાંકડી શેરીમાંથી આગળ વધે તો પણ પોતાના પૂર્વ પરિચિત એવા કોઈકને મળવાની તૈયારી એણે રાખવી જ પડે છે. આખરે કોઈક એવું પણ મળી જાય છે જે એનાથી પરિચિત હોવાનો દાવો કરે છે. મને મારા નામથી બોલાવનારા અને ઓળખીતાની પેઠે સલામ ભરનારા સાદા પોશાકવાળા પ્રવાસીઓએ મધ્ય અને ઉત્તર ભારતમાં ત્રણ વાર અટકાવેલો. આશ્ચર્યની વાત તો એ હતી કે હું એમની મુખમુદ્રાથી કે એમના નામથી લેશ પણ પરિચિત ન હતો. દિલ્હીમાં લશ્કરના એક એવા નિવૃત્ત મેજર સાથે મેં કોઈ પણ પ્રકારની પૂર્વધારણા વિના ભોજન કરેલું જે પંદર વરસની ગેરહાજરી પછી એકાએક પ્રકટેલા વિચારતરંગથી પ્રેરાઈને ભારતમાં પુનઃ પધારેલા અને જેમની સાથે છેલ્લે છેલ્લે મેં એમના લંડનના આરામદાયક ઐશ્વર્યપ્રધાન ફ્લેટમાં અઢાર માસ અગાઉ ભોજન કરેલું. દહેરાદૂનમાં આકસ્મિક રીતે ઓક્સફર્ડ યુનિવર્સિટીના એક સ્નાતકનો સમાગમ થયેલો. તેમના

સાથેના પૂર્વવાર્તાલાપનો શેષ રહેલો પ્રવાહ અમે આગળ વધારેલો. એવું જ બીજા સંબંધી સમજી લેવું.

ત્યાં હિમાલયના એ નિતાંત એકાંતમાં આજ સુધી મને એવું જ લાગતું કે મારે માટે એકદમ એકાંતવાસની સંપૂર્ણ શક્યતા છે. પરંતુ પરિસ્થિતિ પલટાયેલી લાગી. દુનિયાથી દૂર દોડવાની ગમે તેટલી કોશિશ કરીએ તોપણ, આપણે છોડેલી દુનિયા સાથેનો આપણો સંબંધ કાયમ રાખવા અદૃષ્ટ શક્તિઓ અથવા પ્રબળ પરિબળો સઘળા દોરીસંચારો કર્યા કરે છે.

તે દિવસે પ્રભાતના પાછલા પ્રહરમાં મારા બંગલાની બાજુની ઘાસ અને પથ્થરવાળી ભૂમિ પર બેસીને, દેવદારની સુંદર શાખાઓની નીચે, મારા અસ્તવ્યસ્ત કાગળો, પત્રો અને નોંધો હું વ્યવસ્થિત રીતે ગોઠવવાનો પ્રયત્ન કરી રહેલો ત્યારે નોકરે અચાનક આવીને, મોં મલકાવીને, બે મુલાકાતીઓ આવ્યાની માહિતી આપી.

મેં એ મુલાકાતીઓને એની પાછળ જ ઊભેલા જોયા. મકાનની પાસે પહોંચનારી નાની પગદંડી પરથી પસાર થઈને એ ઉપર આવેલા. એમની ઉપર મધ્યાહ્નનો સૂર્યપ્રકાશ પડી રહ્યો હતો. એ બંન્નેએ એમને યોગી, વિરક્ત, સંન્યાસી, સાધુ, પરિવ્રાજક, રમતારામ કે ચોર તરીકે ઓળખાવતાં કાષાય કપડાં ધારણ કરેલાં. વર્તમાન ભારતમાં એક પ્રામાણિક, સંસારથી ઉદાસીન, પોતાના સમસ્ત જીવનને કેવળ પ્રાર્થના અને ધ્યાનને માટે સમર્પિત કરવાની ઈચ્છાવાળા સંતપુરુષની પેઠે પોતાની આજીવિકા માટે મહેનત કરવા ન માગનારા આળસુ માણસો પણ એ સગવડિયાં વસ્ત્ર વીંટીને ફરતા હોય છે. એ બંન્ને ભિક્ષા માગી



શકે છે, અથવા ભાગ્યશાળી હોય તો, પોતાના પોષણની જવાબદારી ઉપાડનારા કોઈ સંરક્ષકને મેળવી લે છે.

મારી સામેના બંને સાધુઓની કક્ષા સહેજ ઊંચી લાગી. એમાંના મોટી ઉંમરના સાધુ સુદૃઢ શરીરવાળા, હસમુખા અને ખાનદાન દેખાયા. એમની પીઠ પાછળ વાંકડિયા વાળવાળી જટા હતી. એમના સાથીદાર નાની ઉંમરના, પાતળા છતાં એમના જેવા પ્રસન્ન હતા. એમને માથે પણ જટા દેખાતી હતી. એમણે બોલવાનો આરંભ કર્યો, મને મારા નામ સાથે અભિનંદન આપ્યાં, અને મારા આશ્ચર્ય વચ્ચે પ્રણિપાત કર્યા.

મેં જણાવ્યું કે હું તમને નથી ઓળખતો તો તેમણે ઉત્તર આપ્યો કે હું તમારે વિશે બધું જ જાણું છું ને તમારા ગુરુને પણ ઓળખું છું. એમણે પોતાનું નામ કહ્યું. એ મલબાર પ્રદેશના વતની હતા. એમણે આપેલી માહિતી મુજબ, એમના સાથી ગોરખપુરના હતા. એ ગુરુપદે પહોંચેલા ને પોતાના પ્રદેશમાં સારો એવો પ્રભાવ ધરાવતા હતા. વક્તા પોતે સ્વતંત્ર રીતે વિચરનારા વિદ્યાર્થી હતા. એ બધી માહિતી મારી વારંવારની પૂછપરછ પરથી મળી શકી. થોડા વખત પછી મોટી ઉંમરના સાધુ મારી પાસે આવ્યા, મને સ્પર્શ્યા, અને મારી આગળ જેના નામને હું ભૂલી ગયેલો તેવું મોટું, કેરી જેવું કીમતી ફળ ધર્યું. એમણે એક પણ અક્ષર ઉચ્ચાર્યા સિવાય એ મને સ્મિતપૂર્વક મૂંગે મોઢે આપવા માંડ્યું. એમના સાથીદારે જણાવ્યું કે એમને બાર વરસથી મૌનવ્રત ચાલે છે.

મેં એમનો આભાર માની ફળ લેવાની ના પાડી જણાવ્યું કે આવા એકાંત પ્રદેશમાં એમને જે મળી શકે તે બધા જ ખાદ્ય પદાર્થની આવશ્યકતા છે.

'ના. ના.' યુવાન સાધુએ ઉદ્‌ગાર કાઢ્યા. 'અમે ગંગોત્રીની યાત્રાએ જઈએ છીએ, અને અમારી પાછળ સઘળી આવશ્યક વસ્તુઓ લઈને કેટલાક મજૂરો આવી રહ્યા છે.'

પરંતુ મુસાફરીમાં પડતી મુશ્કેલીઓની માહિતી હોવાથી મેં ફળ લેવાની ના પાડી. બંને સાધુઓ સહેજ ઉશ્કેરાઈ ગયા અને ફળ ગ્રહણ કરાવવા માટે બનતું બધું જ કરવા લાગ્યા. સાધુએ જણાવ્યું કે ફળનું પ્રદાન તો એમના સહયાત્રી જેવા યોગીને પરંપરાગત પવિત્ર પ્રથા પ્રમાણે થઈ રહ્યું છે અને એનો અસ્વીકાર કરાતાં એમને અતિશય દુઃખ થશે. એમને ખરેખર દુઃખ થશે એવું સમજીને મેં એનો નાખુશી સાથે સ્વીકાર કર્યો પરંતુ એને કાપીને સૌને સરખે ભાગે વહેંચવામાં આવે એવી શરત મૂકી. નોકરે છાલ ઉતારીને ફળ કાપવા માંડ્યું ત્યારે મેં વિનોદ કરતાં જણાવ્યું કે તમારી ભૂલ થઈ છે. મારાં વસ્ત્રો પરથી સહેલાઈથી સમજી શકશો કે હું યોગી નથી.

ગુરુએ ગંભીરતાપૂર્વક ઉત્તર આપ્યો : 'કાષાય વસ્ત્રો પરથી કોઈ યોગી છે એવું નથી કહેવાતું. એ તો કાંઈ જ નથી. મુખ્ય વસ્તુ તો હૃદય છે. એને જોતાં તમે અમારામાંના જ એક છો.'

મેં રમૂજ ભરેલા શબ્દોમાં જણાવ્યું : 'તો પછી આ પહેલો જ પ્રસંગ છે કે હિમાલયના જંગલમાં એક યોગીએ હેટ તથા પાટલૂન પહેરીને પ્રવેશ કર્યો છે. એ જમીન પર વોટરપ્રૂફ વસ્ત્ર પર બેઠો છે, સહેલાઈથી ફેરવી શકાય એવું ટાઈપરાઈટર ચલાવી ચૂક્યો છે, અને ગળે લટકાવેલા સાંકડા મોંવાળી પારદર્શક બાટલીમાંથી ગરમ ચાના ઘૂંટડા ભરી રહ્યો છે!'

મારા એ અવનવા વિનોદયુક્ત શબ્દોનો પ્રભાવ મોટા સાધુ પર એવો તો પ્રખર પડ્યો કે એકાદ મિનિટ સુધી એણે અટ્ટહાસ્ય કર્યું. મૌનવ્રતને લીધે એ દેખીતી રીતે હાસ્ય જ કરી શક્યા. હાસ્ય એક પ્રકારની વાણી છે કે નથી એની ચર્ચાવિચારણા કરવાનું કામ વાદવિવાદમાં માનનારા ફિલસૂફોનું છે. તે કામ તે કરી શકે છે.



ફળનો ટુકડો ખાતી વખતે મેં પૂછ્યું : 'મારા અહીંના આવાસ વિશે તમે કેવી રીતે જાણ્યું?'

'અમે જાણ્યું નહોતું પરંતુ અમને જણાવવામાં આવેલું.'

'કોની દ્વારા?'

બોલનારે સ્મિત કર્યું અને આકાશ તરફ અંગુલિનિર્દેશ કર્યો. મારે એટલાથી સંતોષ માનવાનો હતો. તોપણ મેં એક અંતિમ પ્રયત્ન કરી જોયો.

'તમે ગંગોત્રી જતા હો તો આ રસ્તો યાત્રાનો સામાન્ય રોજીંદો રસ્તો નથી એ જાણતા હશો. એ રસ્તો તો ધરાસુ અને ઉત્તરકાશી થઈને આગળ વધે છે. અહીં તો તમે એ રસ્તેથી આડા ફંટાઈને તમારા રસ્તાને અનાવશ્યક રીતે લાંબો કર્યો છે.'

'પરંતુ અમે તમને મળવા માગતા'તા. એમણે સ્મિતપૂર્વક ઉપસંહાર કર્યો.

એ બંને મારી વિદાય લેવા ઊભા થયા. એમની ઈચ્છા એમના મજૂરોને મળવાની અને ભોજનવિધિ પતાવવાની હતી. ગુરુએ કાગળ અને પેન્સિલની મદદથી લખીને મને સાંજની પ્રાર્થનામાં જોડાવાનું અને બીજે દિવસે એમની સાથે ભોજન કરવાનું આમંત્રણ આપ્યું. એ એક દિવસ આરામ કરીને બીજે દિવસે વહેલી સવારે આગળ વધવાના હતા. મેં એમના આમંત્રણનો સ્વેચ્છાથી સ્વીકાર કર્યો અને એને માટે એમનો

આભાર માન્યો. એમની મર્યાદિત ભોજનસામગ્રીનો મારે માટે ઉપયોગ કરવાની તૈયારી બતાવીને એમણે મારે માટેનો સદ્ભાવ બતાવ્યો એવું સમજતા મને વાર ન લાગી.

★ ★ ★

ભોજનવિધિથી પરવાર્યા પછી થોડા વખતે યુવાન સાધુ મારી પાસે બીજી વાર આવી પહોંચ્યો. એમનું નામ બંધુ શર્મા. મેં એમની આગળ ફરવા જવાનો પ્રસ્તાવ મૂક્યો. એમને લઈને હું એકાદ માઈલ ફરતા પર્વતશિખર પર જઈ પહોંચ્યાં. ત્યાં પીળા સુલલિત વિશુદ્ધ વાતાવરણમાં ખીલી ઊઠેલા શિલાખંડથી છવાયેલા સાંકડા પંથ પરથી પસાર થતાં અમે આધ્યાત્મિક વાતો કરવા માંડ્યા અને એ આત્મકથાત્મક વૃત્તાંતરમાં ઊતરી પડ્યા. એમના મુખમાંથી એમની આત્મકથાના અંશો નીકળવા લાગ્યા.

જુદા જુદા ગુરુઓનાં શ્રીચરણોમાં બેસીને આત્મજ્ઞાનનું અધ્યયન કરતાં તે યોગવિદ્યામાં પ્રવીણ બનતાં, વસતિના કોલાહલયુક્ત ભરચક વાતાવરણમાં અને અરણ્યના એકાંત આશ્રમોની કુટિરોમાં, ગંધાતા ઘીના ધુમાડાથી ભરેલી યજ્ઞવેદીઓવાળાં મંદિરોમાં અને વિશુદ્ધ વાયુમંડળવાળી પર્વતની તળેટીઓમાં, સમગ્ર ભારતના ભિન્ન ભિન્ન ભાગોમાં એમણે છ વરસ સુધી ભ્રમણ કરેલું. એમનામાંના કેટલાક ગુરુઓને અમે બંને જાણતા હોવાથી અમે અમારા અનુભવોની આપલે કરી, એમણે જણાવ્યું કે તિરુવન્નામલાઈના મહર્ષિનો પ્રભાવ એમના પર સૌથી વધારે પડ્યો છે. એ યોગીપુરુષે કહ્યું : 'એમની સંનિધિમાં મને સત્વર શાંતિ સાંપડતી. એમના આશ્રમના મારા ચાર દિવસના નિવાસ દરમિયાન અને અભૂતપૂર્વ આધ્યાત્મિક



અનુભવોની પ્રાપ્તિ થઈ. એક દિવસ હું ત્યાં પાછો જઈશ. મારે પાછા જવું જ પડશે.'

મેં એમને એમના વર્તમાન જીવન વિશે અને એ અનુકૂળ આવે છે કે નહિ તે વિશે પૂછી જોયું.

એમણે ઉત્તર આપ્યો : 'મને એ બરાબર અનુકૂળ આવે છે, કારણ કે અધ્યયન અને ધ્યાન કરવાની સ્વતંત્રતા રહે છે. એવી સ્વતંત્રતા તો હું ભૂતકાળમાં સરકારી નોકરી કરતો અને સારો પગાર મેળવતો ત્યારે પણ નહોતી મળતી.'

'તોપણ તમારા જેવા માનવને માટે આ જીવન કઠોર કહેવાય.'

'મારે જો ભિક્ષાન્ન પર જીવવાનું હોત તો મારું જીવન કષ્ટપ્રદ બની જાત ખરું. મારાથી એવી રીતે જિવાય તેમ હતું જ નહિ. મારું સદ્ભાગ્ય છે કે મને મારા આશ્રયદાતા ગુરુઓની પાસેથી અન્ન અને આવાસની પ્રાપ્તિ થાય છે. ગંગોત્રીની વર્તમાન યાત્રામાં પણ જેમની સાથે હું જઈ રહ્યો છું તે ગુરુદેવ મારો સઘળો ખર્ચ પૂરો પાડે છે.'

'મોટા ભાગના માણસો માને છે તેમ, અધિકાંશ સાધુસંતો ને પરિવ્રાજકો સત્ત્વ વગરના રમતારામો હોય છે એ સાચું છે? અમે તો એમનાથી દૂર રહીએ છીએ. પરંતુ તમે તો એમની સાથે વિચરો છો એટલે એમને વિશે અમારા કરતાં વધારે અધિકારપૂર્વક બોલી શકો.'

યોગીએ ખેદપૂર્વક માથું હલાવ્યું. એમની આંખમાં ગંભીરતા વ્યાપી.

'હા, કમનસીબે એ સંપૂર્ણ સાચું છે. હું તો આગળ વધીને

ત્યાં સુધી કહું છું કે એમનામાંના નેવું ટકાથી પણ વધારે સુધુસંતો, એદી, આળસુ, ભિક્ષુકો તથા ભટકનારાઓ હોય છે. મેં એમને ભારતના પ્રત્યેક પ્રદેશમાં જોયા છે, એમની વચ્ચે વસવાટ પણ કર્યો છે, અને હું તમને ખાતરી આપું છું કે અધ્યાત્મમાર્ગના સાચા સાધકો પાંચ ટકાથી વધારે નથી મળતા.'

'ગ્વાલિયર સ્ટેશન પર હું ટ્રેનની પ્રતીક્ષા કરતો ઊભેલો એ વખતની ઘટનાનું સ્મરણ થાય છે. વાટકી તથા કમંડળ સિવાય જેની પાસે બીજું કાંઇ જ નહોતું દેખાતું એવા એક પરિવ્રાજક સાધુએ રેલવે પોલીસ અને ટિકિટ કલેક્ટરને ધાકધમકી આપીને ટ્રેનમાં પ્રવેશ કર્યો. એની પાસે ટિકિટ નહોતી. એની મોટા અવાજે અપાતી રહસ્યમય ધાકધમકીની આગળ કોઇ આંગળી પણ ન ઊઠાવી શક્યું. એ જ્યાં પહોંચશે ત્યાં પણ એ જ રીતરસમ અપનાવશે એ ચોક્કસ હતું. એની આંખ પરથી સમજી શકાયું કે એ તાજેતરમાં જ કરાયેલા માદક પદાર્થના સેવનની અસર નીચે છે.'

બંધુ શર્માએ દુ:ખમય શબ્દો દ્વારા એમનો અણગમો દર્શાવ્યો.

'મારી મુસાફરી તથા યાત્રાઓ આવતે વરસે પૂરી થઇ જશે.' એમણે મને માહિતી આપી. 'એ પછી એવાં અનિષ્ટકારક તત્ત્વોનો સાથ હું છોડી દઇશ. હું કોઇક અનુકૂળ સ્થળમાં ખૂબ જ સાદાઈથી રહેવાનું શરૂ કરીશ અને મિત્રો મારફત મળતી અલ્પ મદદ દ્વારા નિર્વાહ ચલાવીશ. પછી મારી જાતને અભ્યાસમાં લગાડી દઇશ.'

એમના અંતરંગ જીવનમાં એમણે પ્રાપ્ત કરેલી



અવસ્થાવિશેષ વિશે મારી આગળ રજૂઆત કરી. એ ધ્યાનમાં બેથી ત્રણ કલાક સુધી શાંતિપૂર્વક બેસી શકે છે અને બાહ્ય જગતને સંપૂર્ણપણે ભૂલી જાય છે એવું જણાવ્યું. આત્માનું અનુસંધાન સાધીને એ રહસ્યમય યોગસમાધિમાં પ્રવેશી શકતા. વિચારોને એકાગ્ર કરવાની શક્તિનો વિકાસ એમણે સમુચિત રીતે સાધેલો. એમણે અંતરંગ શાંતિનો આંશિક રીતે અનુભૂતિ કરેલી અને એથી એ સુખી હતા.

જેમનો સંતોષકારક ઉત્તર એમણે એકલાને નહોતો મળતો એવા બે પ્રશ્નોની અમે ચર્ચા—વિચારણા કરી. મારી અંતઃ-પ્રેરણાને અનુસરીને આખરે મેં કેટલાંક સ્પષ્ટીકરણ કર્યાં. એથી આનંદમાં આવીને એ બીલો ઊઠ્યો : 'હવે મને સમજાયું કે મારે તમારી પાસે શા માટે આવવું પડ્યું. હું એ જ પ્રશ્નોના પ્રત્યુત્તરની પ્રતીક્ષામાં હતો.'

મેં જણાવ્યું કે એનો યશ મને નથી ઘટતો પરંતુ મારા ગુરુદેવને ઘટે છે. મને જે થોડુંઘણું ચોક્કસ જ્ઞાન સાંપડ્યું છે તેને માટે હું તેમનો ઋણી છું.

બંધુ શર્માએ સૂચવ્યું કે એમને આ પ્રદેશમાં દિવ્ય પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. લગભગ બધા જ હિન્દુઓ હિમાલયના અલૌકિક દિવ્ય પ્રદેશને અસાધારણ આદરભાવે શ્રદ્ધાભક્તિ સાથે જુએ છે અને સાચા સંતોના અભાવવાળા આધુનિક યુગમાં એમના અંતિમ આશ્રયસ્થાન જેવો સમજે છે.

સાંજે ફાનસના આછા અજવાળામાં હું એમની સાથે આગળ વધ્યો અને એમના ગુરુ પાસે પહોંચીને પ્રાર્થનામાં જોડાયો. કેટલાક મંત્રો ને શ્લોકો બોલીને એમણે પરમાદરપૂર્વક

પ્રણિપાત કર્યા. એ બધું પરિસમાપ્તિ પર પહોંચ્યું એટલે ભોજન-વિધિ આરંભાઇ. સઘળી સામગ્રી પિત્તળના મોટા થાળમાં મૂકવામાં આવી. એથી આરંભથી અંત સુધીની બધી ક્રિયા જોઇને મને વિસ્મય થયું. રોટલીથી માંડીને રસગુલ્લાં સુધીના ભારતવાસીઓને પ્રિય કેટલાય પદાર્થો ત્યાં મૂકવામાં આવ્યા. ગુરુ દેખીતી રીતે જ સદ્ધર હતા. એમની સાથે કેટલાય નોકરો અને મજૂરો રહેતા.

ભોજન પૂરું કરીને મેં એમને મારે બંગલે છેવટના વાર્તાલાપ માટે આવવાનું આમંત્રણ આપ્યું. બીજે દિવસે વહેલી સવારે એ આગળ વધવાના હતા. ભારતમાં અનેક વાર ચર્ચાઇ ચૂકેલા અધ્યાત્મજીવનના અનેક પુરાતન પ્રશ્નોની અમે ચર્ચા કરી, અને ગુરુએ એમની ત્વરિત ગતિએ ચાલતી પેન્સિલની મદદથી એમની વ્યક્તિગત સાધનાપ્રણાલિ સાથે સંકળાયેલા કેટલાક નાના મુદ્દાઓની સ્પષ્ટતા કરી. પછી એ ઊઠ્યા, અમે પરસ્પર સ્મિતપૂર્વક પ્રણામ કર્યા અને એ વિદાય થયા. એ બંને કાષાયવસ્ત્રધારી પ્રવાસીઓનું એ અંતિમ દર્શન હતું.

★ ★ ★

એ સમય યાત્રાનો હતો. ઉનાળાના ચાર મહિના દરમિયાન હિમાલયના પર્વતીય પંથ અથવા પગદંડી પરથી સહેલાઈથી પસાર થઇ શકાય છે, પરંતુ પાછળથી તે ચાર—પાંચ તથા છ ફૂટ જેટલા બરફથી ઢંકાઇ જાય છે, અને પ્રવાસ જોખમકારક અને અધિકાંશે અશક્ય બની જાય છે. યાત્રીઓનાં દર્શન કેવળ ઉનાળામાં જ થતાં હોય છે. એમનામાંના મોટા ભાગના યાત્રીઓ સંતો, તપસ્વીઓ તથા યોગીઓ હોય છે.



ભારતના પ્રખર તાપથી તપાવતા આગઝરતા મેદાની પ્રદેશમાંથી બરફથી છવાયેલા કષ્ટસાધ્ય કઠોર ઠંડા પ્રદેશમાં પહોંચનારા પ્રવાસીઓ એમના સુદૃઢ સંકલ્પ, શૌર્ય અને આદર્શ ધાર્મિક ભક્તિ ભાવ માટે આદરના અધિકારી છે. ગંગોત્રીનું મંદિર બરફનાં સનાતન ગિરિશૃંગોથી ઘેરાયેલું છે. પોતાના દેશમાં ઠંડા શિયાળા સહન કરવા ટેવાયેલા અંગ્રેજ માટે હિમાલયની ઠંડી સહન કરવાનું સહેલું છે પરંતુ પાતળા પોશાકોવાળા હિંદુઓ માટે આવા પ્રદેશમાં પ્રવેશવાનું કાર્ય કાંઇક કષ્ટકારક અને કઠિનતાથી કરી શક્યા તેવું છે. અસાધારણ સૌંન્દર્યનું પાન કરતાં હજારો સ્ત્રીપુરુષો આ હિમાચ્છાદિત પર્વતમાળામાં દર વરસે ઉનાળામાં યાત્રાએ આવે છે. એમનો ધર્મ એમને શીખવે છે કે આ પ્રદેશમાં એમના સુપ્રસિદ્ધ સંતોએ અને પૌરાણિક દેવોએ વાસ કરેલો અને આજે પણ એ અદૃષ્ટ રીતે વાસ કરે છે. હિમાલયનો પુણ્ય પ્રદેશ ભારતનો સૌથી વધારે પવિત્ર પ્રદેશ છે. એ પવિત્ર પ્રદેશમાં આવેલા બદરીનાથમાં મહાભારત ગ્રંથના રચયિતા મહર્ષિ વ્યાસે વાસ કરેલો. ગંગાના પ્રશાંત તટ પરના હૃષીકેશમાં પવિત્ર વેદોને એમના અંતિમ ચતુર્વિધ સ્વરૂપમાં વહેંચી નાંખવામાં આવેલા. યોગવાસિષ્ઠના રચયિતા મહામુનિ વસિષ્ઠ ઉત્તરાખંડની આ પુણ્યભૂમિમાં રહેતા. બરફથી ઢંકાયેલા ઉચ્ચોચ્ચ કૈલાસશિખર પર રહેતા ભગવાન શંકર આજે પણ ઊંડી સમાધિમાં મગ્ન મનાય છે. વૃક્ષોની છાયાવાળા અગસ્ત્ય મુનિના નાનકડા ખીણપ્રદેશમાં મહામુનિ અગસ્ત્યે પ્રાચીનકાળમાં કઠોર તપ કરેલું. એ પ્રદેશમાંથી પસાર થતી પવિત્ર ભાગીરથીનો પરિચય પુરાણોમાં પણ પ્રદાન કરવામાં આવ્યો છે. એનું નામ સંતપ્રકૃતિના પવિત્ર

રાજા ભગીરથની સ્મૃતિ તાજી કરાવે છે. તુષારાચ્છઆદિત પર્વતપંક્તિની વચ્ચે વસેલા બદરીનાથ મંદિરને બુદ્ધો પણ પવિત્ર માને છે. તિબેટના કેટલા મઠો તરફથી આજે પણ એને ભેટ મોકલવામાં આવે છે.

યાત્રી એ દેવમંદિરોમાં પ્રવેશે છે ત્યારે એને લાગે છે કે પોતે દેવસ્થાનના દેવોની સંનિધિમાં જ ઊભેલો છે. અસાધારણ ભક્તિભાવપૂર્વક ભજનો તથા સ્તોત્રો ગાતા ને પ્રાર્થનાઓ કરતા તથા કેવળ ભાત ને મસુરની દાળ જેવા સાદા ભોજન પર નિર્વાહ કરતા યાત્રીઓ પર્વતોના વાંકાચૂકા ચડાણ—ઉતરાણવાળા પથ પરથી પરમપ્રેમ, શ્રદ્ધા અને ધીરજપૂર્વક પસાર થતાં બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી તથા જમનોત્રીની પગપાળા કરાતી યાત્રા કરે છે. દોઢથી બે મહિનાના પાર્વતીય પ્રવાસ દરમિયાન અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ, મુસીબતો, વ્યાધિઓ અને અકસ્માતોનો સામનો કરે છે. એમના પ્રખર પરિશ્રમના પરિણામે, પર્વતો પર યુગો પહેલાં બંધાયેલાં દેવસ્થાનોમાં થાકીને લોથપોથ થઈને જ્યારે પહોંચે છે ત્યારે એમનાં આશીર્વાદ ઊતર્યા છે એવું લાગ્યા વિના નથી રહેતું. મને લાગે કે એમની માન્યતા સાચી છે. મંદિરો પથ્થરોના અનાવશ્યક ચણતર હોય અને દેવતાઓ આદિ માનવની કલ્પનાઓના આવિષ્કારો હોય તોપણ, હિમાલયની પવિત્ર ભૂમિમાં અલ્પ વખત માટે રહેવાનો અવસર મળે એ એક સર્વોત્તમ સૌભાગ્ય અથવા આશીર્વાદ છે.

(વધુ આવતા અંકે)



## જગતને સુધારવા કરતાં જાતને સુધારવી સહેલી

બહાર શું છે એ તો બધું આપણે જોવા જઈએ તો એનો કોઈ અંત હવે આવવાનો નથી. અને બહારના સમસ્ત વાયુમંડળને આપણે સુધારી શકીએ તેમ નથી. બહુ જ મુશ્કેલ છે. ઘરમાં પોતાનો છોકરો હોય બૂરે માર્ગે જતો હોય એને સુધારવાનું પણ અઘરું છે. તો આખા સમાજને સુધારવાનો ઠેકો લઈને ક્યાં આપણે ફરવું? એ તો વળી ઘણું જ કપરું કામ છે, બહુ જ કપરું કામ. એને માટે ઘણી શક્તિ જોઈએ, ઘણી હિંમત જોઈએ, ઘણી સુંદર મજાની મનોવૃત્તિઓ, સાધનસામગ્રીઓ બધું જોઈએ તો એ કામ થઈ શકે. પણ આપણી જાતને સુધારવાનું કાર્ય અતિશય કષ્ટસાધ્ય નથી. સહેલાઈથી થઈ શકે એમ છે. અને તે કામ આપણે કરવું. સાધકે એના તરફ વધારે ધ્યાન આપવું જોઈએ.

**યોગેશ્વરજી**

જેના અંતરમાં વિવેકની જ્યોત અખંડપણે જલ્યા કરે છે. પ્રાર્થના તેના માટે એક રસાયન બની જાય છે.

**—યોગેશ્વરજી**

ફોન : **૨૩૨૧૦૭૦૭, ૨૩૨૨૧૮૧૦**

મોબાઈલ : **૯૮૨૫૧૩૭૩૫૫**

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

વસુદેવના વિચારો તદ્દન પાયાવિનાના તો નહોતા જ એની પ્રતીતિ થોડી વારમાં જ થઇ ગઇ.

વસુદેવના વિદાય થયા પછી દેવર્ષિ નારદ પરમાત્મપ્રેમથી પરિપ્લાવિત બનીને પરમાત્માનું સુમધુર સુખદ સંકીર્તન કરતા કંસ પાસે આવી પહોંચ્યા.

કંસે એમનું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું.

દેવર્ષિએ એને કુશળ સમાચાર પૂછ્યા તો કંસે અહંકારયુક્ત સ્વરે કહેવા માંડ્યું :

'આપની કૃપાથી સંપૂર્ણ કુશળ છું. હું એટલો બધો પ્રતાપી અને શક્તિશાળી બની ગયો છું કે કોઇ મારું નામ પણ નથી લઇ શકે તેમ.'

'કંસ, એ તારું મિથ્યાભિમાન છે.' દેવર્ષિએ સત્વર જણાવ્યું.

'કેમ?'

'સંસારમાં તારા પ્રતાપ અને તારી શક્તિને લીધે કોઇ તારું નામ પણ નથી લઇ શકે તેમ એવું માનતો હોય તો તે ખોટું છે. સંસારમાં એકેકથી ચઢિયાતા શૂરવીર પુરુષો પડેલા છે. તને તેની ખબર નહિ હોય.'

'મારા કરતાં પણ કોઇ વધારે શૂરવીર હોઇ શકે ખરું?'

'કેમ નહિ? એ બાબત અહંકાર રાખતો હોય તો એ અહંકાર મિથ્યા છે. સંસારમાં શેરને માથે સવાશેર હોય છે જ.



તેં આકાશવાણી નથી સાંભળી?'

'સાંભળી છે.'

'તો પછી? એ સાંભળ્યા છતાં પણ તું તારી જાતને શૂરવીર, કુશળ કે સલામત માને છે?'

કંસ વિચારમાં પડ્યો ને બોલ્યો :

'આકાશવાણી શું સાચી હોઇ શકે?'

'એ સંપૂર્ણપણે સાચી છે ને સાચી જ પડવાની છે. તને તે સંબંધી લેશ પણ શંકા હોય તો તે શંકાને કાઢી નાખજે. તારું મરણ એવી રીતે જ થવાનું છે.'

'દેવકીનું સાધારણ સંતાન શું મારો નાશ કરી શકે? એ નાનકડા સંતાનમાં શું સામર્થ્ય હોય?'

'એ સંતાન સાધારણ નહિ પરંતુ અસાધારણ હશે અને લોકોત્તર સામર્થ્ય તથા યોગ્યતા સાથે પ્રકટ થશે. નાનો સરખો સિંહ મોટા દેખાતા હાથીના ગંડસ્થળને ભેદી નાખે છે તેમ, એ બાળક તારો કાળ બનશે. માટે તું કોઇ ગેરસમજમાં રહેતો હોય તો એને દૂર કરીને સાવધાન બની જા. તારા અત્યાચારોથી દુઃખી બનેલા દેવતાઓએ તારા સર્વનાશની યોજના ઘડી છે. તારી દુષ્ટ વૃત્તિનો ત્યાગ કરીશ તો તું બચી શકીશ. બાકી બ્રહ્માંડની કોઇ પણ શક્તિ તને નથી બચાવી શકે તેમ.'

કંસ વિચારમાં ડૂબી ગયો.

'ત્યારે આકાશવાણી અવશ્ય ફળશે?'

'હા.'

'એમાંથી છૂટવાનો કોઇ રસ્તો જ નથી?'

'ના. તું અહંકારની ઘોર નિદ્રામાં સૂતો છે તેમાંથી હું તને

બની શકે તો જગાડવા માગું છું આ પૃથ્વીપર હવે તારે વધારે નથી રહેવાનું. તારું મરણ હવે વધારે દૂર નથી જ. માટે સત્કર્મોના સુંદર અનુષ્ઠાનથી તારા શેષ જીવનને સુધારી લે. તારા પિતા ઉગ્રસેનને સમસ્ત પ્રજા ચાહે છે. એમને કેદ કરીને તથા રાજ્યને કબજે કરીને તેં ભારે અનર્થ કર્યો છે. તારું મંગલ ચાહતો હોય તો એમને છોડી દે ને રાજ્યની ધુરા સુપ્રત કર.'

'આપ આ શું કહી રહ્યા છો? આપનું મગજ ઠેકાણે તો છે ને? કે પછી ભગવન્નામસંકીર્તનરસના ઘેનને લીધે...'

નારદજી વચ્ચે જ બોલ્યા :

'હું જે કહું છું તે સાચું અને તારા હિતનું જ કહી રહ્યો છું.'

'મારા હિતનું?'

'હા. પરંતુ તારું પોતાનું મગજ ઠેકાણે નથી. એ અહંકાર, મદ, મત્સર, મોહ અને વિષયાસક્તિમાં ડૂબેલું હોવાથી એને બધું ઊલટું સમજાય છે અને એ સત્ય ગ્રહણ નથી કરી શકતું. હું મારી ફરજ  બજાવાવા માટે જ આવી પહોંચ્યો છું. એ ફરજને અનુલક્ષીને તને જગાડવાની કોશિશ કરી રહ્યો છું. તારે જાગવુંકે ના જાગવું તે તારા હાથની વાત છે. જાગીશ તો તને મહા મૂલ્યવાન લાભ થશે; નહિ જાગે તો ઘોર, અતિઘોર હાનિ પહોંચશે. જે માર્ગે જવું હોય એ માર્ગે ખુશીથી જઇ શકે છે.'

દેવર્ષિ શાંત રહ્યા.

વિશેષ બોલવાનો કોઇ અર્થ ન હતો.

**દર્શન અને સંવેદન**

દેવર્ષિ નારદ કંસના મુખમંડળ તરફ અનિમેષ નેત્રે



નિહાળી રહ્યા.

એ મુખમંડળ મિથ્યાભિમાન, મોહ અને મમત્ત્વથી મંડિત હતું.

એમાં કશું સાનુકૂળ પરિવર્તન ના દેખાયું.

કંસના આતિથ્યનો અંગીકાર કરીને દેવર્ષિ પરમાત્મ-સ્મરણના સ્વર્ગીય સુધારસમાં સ્નાન કરતા ચાલી નીકળ્યા ત્યારે કંસના અંતરમાં જાગેલું મંથન પરાકાષ્ઠા પર પહોંચી ગયું.

દેવર્ષિનાં વચનો એને વારંવાર યાદ આવવા લાગ્યાં.

એ વચનોની અસર એના અંતર પર ઘણી પ્રતિકૂળ થઇ.

એના મન, અંતર અને આત્મામાં—અણુએ અણુમાં ભયંકર ભૂકંપ થવા માંડ્યો.

વિચારો, ભાવો અને ઊર્મિઓનો જ્વાલામુખી ફાટી નીકળ્યો.

સંકલ્પવિકલ્પના પરપોટા મનમાં ઉપરાઉપરી પેદા થવા ને ફૂટવા લાગ્યા.

'નારદ પોતાના મનમાં શું સમજે છે?' એ મનોમન બબડવા માંડ્યો; 'એ મને સાવધાન કરવા ને મારા મંગલનો માર્ગ બતાવવા આવ્યા હોવાનો દાવો કરી ગયા, પરંતુ એમને ખબર નથી કે હું સાવધાન જ છું ને મારા મંગલનો માર્ગ સારી રીતે ને સંપૂર્ણપણે સમજું છું. એ માર્ગે જ આગળ વધું છું. એ મને શું માર્ગદર્શન કરી શકવાના હતા? એમની પ્રત્યેના અતિશય આદરભાવને લીધે મેં એમના શબ્દોને સાંભળી લીધા, બાકી જો એમને જડબાતોડ જવાબ આપત તો એમનું અપમાન થાત.'

(ક્રમશ:)